RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૭૯ ચૈત્ર સુદ-૩  ગુરૂવાર, તા.૧૧-૦૪-૨૦૨૪  અંક : ૧૪૬ વર્ષ : ૨૧  news@aaspassindia.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

# મસ્ક આવી રહ્યા છે મોદીને મળવા

## આ મહિનાના અંતિમ સપ્તાહમાં ગોઠવાઈ રહ્યો છે ભારતનો પ્રવાસ

નવીદિલ્હી,

ટેસ્લાના માલિક એલન મસ્ક આ મહિનાના અંતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે ભારત આવવાની યોજના બનાવી રહ્યા છે, જે દરમિયાન ભારતમાં રોકાણ અને એક નવી ફેક્ટ્રી ખોલવાની પોતાની યોજના સંબંધિત વાત થવાની આશા છે. રૉયટર્સના રિપોર્ટમાં કહેવાયું છે કે, ૨૨ એપ્રિલથી શરૂ થનારા અઠવાડિયામાં એલન મસ્ક ભારત પ્રવાસે રહેશે. નવી દિલ્હીમાં એલન મસ્ક ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી શકે છે. રિપોર્ટમાં કહેવાયું છે કે, જો એવું થાય છે તો પહેલીવાર એલન મસ્ક ભારત આવશે. એલન મસ્ક પોતાની ભારત યાત્રાની ટુંક સમયમાં જ જાહેરાત કરશે. માનવામાં આવી રહ્યું છે કે, ભારત પ્રવાસ દરમિયાન



એલન મસ્ક પોતાના ઈન્વેસ્ટમેન્ટ પ્લાન અને ભારતમાં ઈલેક્ટ્રિક કારના પ્લાન્ટને લઈને એલાન કરી શકે છે. ભારતીય ગ્રાહક ટેસ્લા કારની રાહ જોઈ રહ્યા છે.

### પ્લાન્ટ માટે જગ્યાની શોધમાં ટેસ્લા

ટેસ્લાના અધિકારીઓ આ મહિના ભારત આવવાની આશા છે જેથી તેઓ ટેસ્લા પ્લાન્ટ માટે એક જગ્યા જોઈ શકે. જોકે હવે એલન મસ્ક ખુદ આવવાની વાત સામે આવી છે. તેવામાં આ પ્લાન્ટ માટે લગભગ ૨ બિલિયન ડોલરના રોકાણનું એલાન થઈ શકે છે. ગત વર્ષ જૂનમાં જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની યાત્રા પર ગયા હતા, ત્યારે તેમણે એલન મસ્ક સાથે મુલાકાત કરી હતી. ત્યાં ટેસ્લા કંપનીની તરફથી કહેવાયું હતું કે તેઓ ૨૪૦૦૦ ડોલરની કિંમત વાળી ઈવીનું ઉત્પાદન કરવા માટે ભારતમાં એક પ્લાન્ટ શરૂ કરવા માટે રસ ધરાવે છે.

## ૧૯મીથી પીએમ મોદી ગુજરાતમાં, જાહેર સભા અને શહેરી વિસ્તારમાં રોડ શો

અમદાવાદ,તા.૧૦

ગુજરાતની ૨૬ બેઠકો સહીત વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશની કુલ ૯૪ બેઠક માટે આગામી ૭મી મેના રોજ લોકસભાની ચૂંટણી યોજાશે. લોકસભાની ચૂંટણીના સાત પૈકી ત્રીજા તબક્કામાં ગુજરાતમાં ચૂંટણી યોજાનાર છે. લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના પનોતા પૂત્ર અને લોકલાડીલા નેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરસભાઓ અને રોડ શોનું આયોજન ભાજપે ઘડી કાઢ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના ચાર ઝોનમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરશે.

વડાપ્રધાનના ચૂંટણી પ્રચાર અંગે મળતી માહિતી અનુસાર, ૧૯મી એપ્રિલ બાદ મોદી ગુજરાતમાં જાહેરસભાઓ અને રોડ શો કરશે.

## ઈઝરાયેલના હવાઈ હુમલામાં હમાસ ચીફ હાનિયાના પુત્રો અને પૌત્રોના મોત

### હાનિયાએ કહ્યું કે તેના પુત્રો જેરુસલેમ અને અલ-અક્સા મસ્જિદને મુક્ત કરવાના માર્ગમાં માર્યા ગયા હતા

હમાસ,

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગયા વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. ઑક્ટોબરની શરૂઆતમાં હમાસ દ્વારા કરવામાં આવેલા અચાનક હુમલામાં ઘણા ઈઝરાયલી લોકોએ જીવ ગુમાવ્યા હતા, ત્યારબાદ ઈઝરાયેલે બદલો લેવાનું શરૂ કર્યું હતું. હમાસના ટોચના નેતા ઈસ્માઈલ હાનિયાના ત્રણ પુત્રો ઈઝરાયેલના હવાઈ હુમલામાં માર્યા ગયા છે. આ ઉપરાંત તેના બે પૌત્રોની પણ હત્યા કરવામાં આવી છે. તેમના ત્રણ પુત્રો કારમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે આ હુમલો થયો હતો.

હાનિયાએ બુધવારે અલ-જઝીરા સેટેલાઈટ ચેનલ સાથેની મુલાકાતમાં મૃત્યુની પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે તેના પુત્રો જેરુસલેમ અને અલ-અક્સા મસ્જિદની મુક્તિમાં માર્યા ગયા હતા. હાનિયાએ ફોન ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે "દુશ્મન બદલો લેવાની અને હત્યાકાંડની ભાવના સાથે આગળ વધી રહ્યો છે.

## હરિયાણામાં સ્કૂલ બસ પલટી જતા ૮ બાળકોનાં મોત

### ડ્રાઈવર નશામાં હતો : ઈદની રજામાં પણ શાળા ચાલુ હતી



મહેન્દ્રગઢ, હરિયાણાના મહેન્દ્રગઢમાં ગુરુવારે સવારે બાળકોથી ભરેલી એક ખાનગી શાળાની બસ પલટી ગઈ હતી. આ અકસ્માતમાં ૮ બાળકોનાં મોત થયાં હતાં, જ્યારે ૧૫થી વધુ બાળકો ઘાયલ થયાં હતાં. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. માહિતી બાદ પોલીસ અને પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. અકસ્માતનું કારણ ઓવરટેક હોવાનું કહેવાય છે.

મહેન્દ્રગઢના કનિના શહેરમાં આવેલી જીએલ પબ્લિક સ્કૂલ ઈદની રજા બાદ પણ ખુલ્લી હતી. ગુરુવારે સવારે બસ ૩૫ બાળકો સાથે શાળાએ જઈ રહી હતી. દરમિયાન ઉનાણી ગામ પાસે સ્કૂલ બસ ઓવરટેક કરતી વખતે અચાનક પલટી ખાઈ ગઈ હતી. આ દરમિયાન જોરદાર ધડાકો થયો અને બૂમાબૂમ થઈ હતી. પાંચ બાળકોનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે ત્રણના હોસ્પિટલમાં મોત થયા છે. માહિતી મળતાં જ લોકો પણ ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. અનેક બાળકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. આજે ઈદ નિમિત્તે તમામ સરકારી કચેરીઓ અને શાળાઓમાં રજાઓ છે. તે પછી પણ ખાનગી શાળાએ રજા આપી ન હતી. બસમાં ૩૫ બાળકો હતાં. મહેન્દ્રગઢના એસપી અર્શ વર્માએ જણાવ્યું કે આ ઘટના રાત્રે ૮.૩૦ વાગ્યે બની હતી. ડ્રાઈવર દારૂ પીતો હોવાની માહિતી મળી રહી છે. અમે ડ્રાઈવરનું મેડિકલ કરાવી રહ્યા છીએ. તે નશામાં હતો કે નહી તે મેડિકલ તપાસ બાદ જ ખબર પડશે. તે ખૂબ જ ઝડપી સ્પીડમાં સ્કૂલ બસ ચલાવી રહ્યો હતો. જેના કારણે બસ ઝાડ સાથે અથડાઈ હતી.


## રામમંદિરમાં સોનાના રામચરિતમાનસની સ્થાપના

### ૧૦૦૦ પાના, કિંમત- ૫ કરોડ : મધ્યપ્રદેશ કેડરના પૂર્વ IASએ કહ્યું- ઈશ્વરે મને જે કંઈ આપ્યું છે, તે પરત કર્યું

અયોધ્યા,

હવે ભક્તો અયોધ્યાના રામમંદિરમાં રામલલા સાથે સોનાના રામચરિતમાનસના દર્શન કરી શકશે. નવરાત્રિના પ્રથમ દિવસે ગર્ભગૃહમાં ધાર્મિક વિધિ મુજબ તેની સ્થાપના કરવામાં આવી છે. રામચરિતમાનસને રામલલાની મૂર્તિથી ૧૫ ફૂટના અંતરે પથ્થરની શિલા પર મૂકવામાં આવ્યું છે. મધ્યપ્રદેશ કેડરના પૂર્વ છજી લક્ષ્મી નારાયણ અને તેમની પત્નીએ રામમંદિર ટ્રસ્ટને રામચરિતમાનસ ભેટ કર્યું હતું.

રામચરિતમાનસ ૧૦૦૦ પાનાનું છે. વજન- ૧૫૫ કિગ્રા. તેમાં ૪ કિલો સોનું અને



૧૫૧ કિલો કોપરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. દરેક પેજ પર ૨૪ કેરેટ સોનાનો ઢોળ ચઢાવ્યો છે. આ ઉપરાંત દરેક પાના પર ૩ કિલો તાંબુ પણ લગાવવામાં આવ્યું છે.

વમ્મીદી બંગારુ જ્વેલર્સે ૩ મહિનામાં રામચરિતમાનસ તૈયાર કર્યું છે. તેને બનાવવામાં લગભગ ૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. આ જ કંપનીએ નવા સંસદ ભવનમાં સ્થાપિત સેંગોલ (રાજદંડ) તૈયાર કર્યો હતો. રામલલાના પૂજારી સંતોષ કુમાર તિવારીએ જણાવ્યું કે રામચરિતમાનસને રામનવમી પર મંદિર ટ્રસ્ટને સોંપવામાં આવ્યું હતું. કેન્દ્રમાં ગૃહ સચિવ રહેલા એસ.લક્ષ્મી નારાયણે કહ્યું કે હું દાળ અને રોટલી ખાનાર વ્યક્તિ છું. પેન્શન પણ પૂરુ વપરાતું નથી. ઈશ્વરે મને જે કંઈ આપ્યું છે, તે તેમને પાછું આપ્યું છે. પ્રભુનું પુસ્તક તેમના ચરણોમાં અર્પણ કરીને મારું જીવન સફળ થયું.

## MPમાં કરા પડ્યા, ૯ રાજ્યોમાં વરસાદની શક્યતા

### ઉત્તરપ્રદેશના અનેક જિલ્લાઓમાં ૩ દિવસ સુધી વરસાદનું રેડ એલર્ટ, વાવાઝોડા સાથે કરા પડી શકે છે

નવીદિલ્હી,

દેશભરમાં સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઉનાળાની ઋતુમાં ઘણા રાજ્યોમાં કરા સાથે વરસાદ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને મહારાષ્ટ્રમાં આગામી ૩ દિવસ સુધી વરસાદી માહોલ ચાલુ રહેશે. અહી ૧૩ એપ્રિલ સુધી કરા પડવાનું પણ એલર્ટ છે. બુધવારે મધ્યપ્રદેશના ૧૦ જિલ્લામાં કરા પડ્યા હતા.

આ સિવાય અરુણાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા,



તેલંગાણા, આંધ્રપ્રદેશ, કેરળ અને તમિલનાડુમાં પણ હળવો વરસાદ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે કહ્યું કે સમગ્ર દેશમાં હવામાનમાં ફેરફારનું કારણ ઈરાન અને પાકિસ્તાન થઈને ઉત્તર ભારતમાં પહોંચી રહેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છે. જેના કારણે ફેબ્રુઆરી, માર્ચ અને હવે એપ્રિલમાં પણ હવામાન સતત બદલાઈ રહ્યું છે. ૧૩ એપ્રિલ પછી જમ્મુ-કાશ્મીર અને હિમાચલના કેટલાક વિસ્તારોમાં હિમવર્ષા થવાની શક્યતાઓ છે.

ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ એજ્યુકેશનના અર્થ એન્ડ એન્વાયર્નમેન્ટલ સાયન્સ વિભાગના એસો. પ્રોફેસર ડૉ. પંકજ કુમારના જણાવ્યા અનુસાર, ૧૯૮૦ થી ૨૦૨૩ સુધીમાં WDમાં ૪૩%નો વધારો થયો છે. હવે માર્ચમાં દર બીજા, ત્રીજા દિવસે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પહોંચી રહ્યું છે.

## BJPની ૧૦મી યાદીમાં ૯ નામ

### કિરણ ખેર, રીતા બહુગુણાની ટિકિટ કપાઈ

નવીદિલ્હી,

ભાજપે બુધવારે લોકસભા ચૂંટણી માટે ૧૦મી યાદી જાહેર કરી. જેમાં ઉત્તર પ્રદેશના ૭, પશ્ચિમ બંગાળના એક અને ચંદીગઢ લોકસભા સીટના એક ઉમેદવારના નામ છે. ચંદીગઢના વર્તમાન સાંસદ કિરણ ખેરની ટિકિટ રદ કર્યા બાદ પાર્ટીએ સંજય ટંડનને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે.

આ સિવાય પૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરના પુત્ર નીરજ શેખરને



ઉત્તર પ્રદેશની બલિયા બેઠક પરથી તક આપવામાં આવી છે. ૨૦૧૯માં અહીંથી વીરેન્દ્ર સિંહને ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. આ સિવાય અલ્હાબાદથી રીટા બહુગુણા જોશીની ટિકિટ પણ રદ કરવામાં આવી છે.

## IIM અમદાવાદ વિશ્વની ટોચની ૨૫ બિઝનેસ સ્કૂલ્સમાં સામેલ

### QS રેન્કિંગમાં ભારતની ૬૯ શિક્ષણ સંસ્થા સામેલ : જેએનયુ વિશ્વસ્તરે ૨૦મા, ભારતમાં પહેલા ક્રમે

અમદાવાદ,

ક્યુએસ યુનિવર્સિટી ૨૦૨૪ રેન્કિંગમાં ૬૯ ભારતીય સંસ્થાઓએ સ્થાન મેળવવામાં સફળતા હાંસલ કરી છે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (જેએનયુ) વિકાસ અભ્યાસની શ્રેણીમાં વિશ્વ સ્તર પર ૨૦મા સ્થાને છે. દેશમાં તે પ્રથમ સ્થાને છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ) અમદાવાદ બિઝનેસ અને એડમિનિસ્ટ્રેશનના અભ્યાસમાં વિશ્વની ટોચની ૨૫ સંસ્થાઓમાં સામેલ થઈ છે. જ્યારે આઈઆઈએમ બેંગલુરુ અને આઈઆઈએમ કોલકાતા ટોપ ૫૦ સંસ્થાઓમાં સામેલ થઈ છે. આ રેન્કિંગમાં રેકોર્ડ ૧૫૫૯ સંસ્થાઓ સામેલ છે. જેમાં પ્રથમ વખત ૬૪ યુનિવર્સિટીઓને સામેલ કરવામાં આવી છે. ભારતીય ટેક્નોલોજી સંસ્થા (આઈઆઈટી ) ગુવાહાટીએ ડેટા સાયન્સમાં જોરદાર દેખાવ કરીને ૫૧-૧૦૦માં સ્થાને રહી છે. ક્યુએસના સીઈઓ જેસિકા ટર્નરના કહેવા મુજબ ભારત દુનિયામાં સૌથી ઝડપથી વિસ્તરણ કરનાર શોધ કેન્દ્રો પૈકી એક છે. ૨૦૧૭થી ૨૦૨૨ વચ્ચેની શોધમાં ૫૪ ટકા સુધી વધારો થયો છે. જે વૈશ્વિક સરેરાશના બેગણા કરતા વધારે છે.

## પુલવામામાં એન્કાઉન્ટરમાં એક આતંકવાદી કરાયો ઠાર

### સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે ભિષણ અથડામણ

જમ્મુ,

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. એન્કાઉન્ટરમાં એક આતંકીને ઠાર માર્યાના અહેવાલ સામે આવ્યા છે. આતંકવાદીનો મૃતદેહ મળી આવ્યો છે પરંતુ હજુ સુધી તે મળી આવ્યો નથી. એવું માનવામાં આવે છે કે ત્યાં અન્ય એક આતંકવાદી છે જેને સુરક્ષા દળોએ ઘેરી લીધો છે. સર્ચ ઓપરેશન હજુ ચાલુ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આ વિસ્તારમાં સુરક્ષાદળોને આતંકવાદીઓની છુપાયા હોવાની માહિતી મળી હતી. આ બાતમી અનુસાર સુરક્ષા દળોએ તમામ વિસ્તારને કોર્ડન કર્યો અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ ઓપરેશનમાં જમ્મુ-કાશ્મીર પોલીસ અને કેન્દ્રીય સુરક્ષાદળોના જવાનોનું સામેલ છે.

## અલીગઢમાં ઈદની નમાઝ દરમિયાન 'ફ્રી-પેલેસ્ટાઈન' બેનરો સાથે પ્રદર્શન

### કેટલાક લોકોએ રસ્તા પર જ નમાઝ અદા કરી

અલીગઢ

અલીગઢમાં ગુરુવારે ઈદ ઉલ ફિત્રની નમાઝ અદા કરવામાં આવી હતી. નમાજ પૂરી થયા પછી કેટલાક યુવાનોએ 'ફ્રી પેલેસ્ટાઈન'ના બેનરો દર્શાવતા શાંતિપૂર્ણ પ્રદર્શન કર્યું. ચુસ્ત સુરક્ષા વચ્ચે શાહજમાલ ઈદગાહ ખાતે સવારે ઈદની નમાઝ શરૂ થઈ હતી. શહેરના મુફ્તી અને ઈમામ દ્વારા જૂની ઈદગાહ અને નવી ઈદગાહમાં શાંતિપૂર્ણ રીતે નમાઝ અદા કરવામાં આવી હતી.

આ દરમિયાન કેટલાક યુવાનોએ ઈદગાહની બહાર શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાનું શરૂ કર્યું અને 'ફ્રી પેલેસ્ટાઈન' લખેલા શબ્દોવાળા પેલેસ્ટાઈનના ઝંડા અને બેનરો બતાવ્યા. આ જોઈને દેખાવકારોને કસ્ટડીમાં લીધા. જેનો ત્યાં હાજર લોકોએ વિરોધ કર્યો હતો. આ મુદ્દે નમાઝીઓએ પોલીસ અધિકારીઓ સાથે દલીલ કરી હતી. થોડા સમય બાદ આંદોલનકારીઓને સૂચના આપી છોડી મુકવામાં આવ્યા હતા.

રસ્તા પર નમાઝ અદા કરવા પર પ્રતિબંધ હોવા છતાં, ગુરુવારે ઈદ ઉલ ફિત્રની નમાઝ અદા કરવા શાહજમાલ ઈદગાહ પહોંચેલા કેટલાક લોકોએ રસ્તા પર જ નમાઝ અદા કરી હતી. નમાઝીઓએ કહ્યું કે જ્યાં સુધી તેઓ ઈદગાહ પહોંચે ત્યાં સુધીમાં નમાઝનો સમય પુરી થઈ જશે, તેથી આ કરવામાં આવ્યું.

## હું મારો જીવ આપીશ, પરંતુ બંગાળમાં UCC અને CAA લાગુ નહીં થવા દઉં

### કોલકાતાના રેડ રોડ ખાતે ઈદના અવસરે મમતા બેનર્જીનો હુંકાર

કોલકાતા

કોલકાતાના રેડ રોડ ખાતે આયોજિત ઈદની નમાઝ પર આયોજિત કાર્યક્રમમાં મમતા બેનર્જીએ ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે બધાને ઈદની શુભકામના પાઠવી. તેમણે કહ્યું, 'આ ખુશીની ઈદ છે. એક મહિના સુધી ઉપવાસ કરીને આ ઈદની ઉજવણી કરવી એ મોટી વાત છે અમે દેશ માટે લોહી વહેવડાવવા તૈયાર છીએ, પણ દેશ માટે અત્યાચાર સહન નહી કરીએ. યુનિફોર્મ સિવિલ કોડ સ્વીકાર્ય નથી.

તેમણે ભાજપ પર આરોપ લગાવ્યો કે તે મુસ્લિમ નેતાઓને વીણીવીણીને બોલાવે છે અને પૂછે છે તેઓને શું જોઈએ છે. ઈદની નમાઝને સંબોધિત કરતી વખતે, મમતા બેનર્જીએ સ્પષ્ટપણે કહ્યું કે તેઓ સમાન નાગરિક સંહિતા, એનઆરસી અને સીએએ લાગુ કરવા દેશે નહી. પહેલીવાર મમતા બેનર્જીએ UCC પર TMCની સ્થિતિ સ્પષ્ટ કરી છે.

# તમારા સંતાનની જેમ જ સિંહોનું રક્ષણ કરો

## ગુજરાત હાઈકોર્ટે સરકાર અને રેલવે તંત્રને લગાવી ફટકાર

અમદાવાદ,

ગીરના જંગલ-અભયારણ્ય ક્ષેત્રમાં સિંહોના મોત મામલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા દાખલ જાહેરહિતની રિટ અરજીની સુનાવણી દરમ્યાન સિંહોના અકાળે અને અકસ્માતે મોતની ઘટનાઓને લઈ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને અનિરૂધ્ધા માયીની ખંડપીઠે ભારે ચિંતા વ્યકત કરી હતી.

હાઈકોર્ટે ફરી એકવાર રેલ્વે ઓથોરીટી અને ફોરેસ્ટ વિભાગના સત્તાવાળાઓને આકરા શબ્દોમાં ઝાટક્યા હતા અને તેમને ચોખ્ખા શબ્દોમાં જણાવ્યું હતું કે, સિંહો સહિત વન્ય પ્રાણીઓના રક્ષણની જવાબદારી તેમની છે. રાજ્ય સરકાર કે રેલ્વે વિભાગ પોતાની આ જવાબદારીમાં છટકી શકે નહી. કોઈપણ બહારના તત્વો કે પરિબળોથી સિંહો કે કોઈપણ વન્ય જીવનું મોત થાય તો સત્તાવાળાઓ જવાબદાર બને છે. આ સાથે હાઈકોર્ટે ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ અને ડિવીઝનલ રેલ્વે મેનેજરને સોગંદનામું રજૂ કરવા હુકમ કર્યો હતો. હાઈકોર્ટે રેલ્વે ઓથોરીટી અને ફોરેસ્ટ વિભાગ(સરકારના સત્તાવાળાઓ)ને ગંભીર ટકોર કરી હતી કે, સિંહો એ રાજ્યના સંતાનો છે, તે જંગલની બહાર જાય અને અકસ્માત થાય તો શું તમે તપાસ ન કરો..? સિંહોના મોત મામલે થયેલી જાહેરહિતની રિટ અરજીમાં ગીર ક્ષેત્રમાં વિવાદીત અકસ્માત સંદર્ભે રેલ્વે ઓથોરીટી કે સરકારના સત્તાવાળાઓ તરફથી કોઇ ઈન્કવાયરી રિપોર્ટ કે અહેવાલ રજૂ નહી થતાં હાઈકોર્ટે તેને લઈને પણ ગંભીર સવાલ ઉઠાવ્યા હતા કે, તમારા સોગંદનામાંમાં સિંહોના મોત મામલે તમે શું ઈન્કવાયરી કરી અને તેનો રિપોર્ટ કે તેને લગતી કોઇ વિગતો જ નથી. રેલ્વે ઓથોરીટી અને રાજ્ય સરકાર તરફથી એપ્રીલે રજૂ કરાયેલા સોંગદનામામાં ઘણી વિગતોનો અભાવ હોવાથી કોર્ટે તેને લઈને પણ ટીકા કરી હતી.

હાઈકોર્ટે સરકારપક્ષ અને રેલ્વે ઓથોરીટીને માર્મિક ટકોર કરતાં જણાવ્યું કે, શું હાઈકોર્ટે જ તમને નાની નાની બાબતોમાં દરેક વાતમાં કહેવાનું હોય કે, તમે આમ કરો, તમે તેમ કરોપતમને જાતે વધારાની વિગતો કે માહિતી રજૂ કરવાની કેમ ખબર પડતી નથી.? શું અદાલતે તમને આવું કહેવુ પડેપ?

# ગુજરાતમાં ૧ ૩થી ૧ ૬ એપ્રિલ સુધીમાં વાતાવરણ પલટાશે

અમદાવાદ,

ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી પડી રહેલ કાળઝાળ ગરમીમાં બે-ચાર દિવસ આંશિક રાહત મળે તેવી સંભાવના છે. જો કે, ગુજરાતમાં કેટલાક સ્થળોએ ભારે બફારાનો અનુભવ થશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી ૧૩ થી ૧૬ એપ્રિલ સુધીમાં રાજયના છુટાછવાયા વિસ્તારોમાં કમોસમી વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી કરતા જણાવ્યું છે કે, ગુજરાતના પૂર્વ અને દક્ષિણ ભાગમાં છુટોછવાયો વરસાદ વરસી શકે છે. ૧૩ થી ૧૬ એપ્રિલ દરમિયાન સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. જે અંતર્ગત ૧૪ થી ૧૫ એપ્રિલે દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, કચ્છ સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. તો બીજી બાજુ ૧૬ એપ્રિલ દાહોદ, છોટાઉદેપુર ,નર્મદા જિલ્લામાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં ગઈકાલે સૌથી વધુ ગરમી રાજકોટમાં નોંધાઈ હતી. રાજકોટ શહેરમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીએ પહોચ્યો હતો. જો કે રાજયમાં વાતાવરણમાં પલટો આવે તે પહેલા સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારમાં બફારો અને અકળામણ અનુભવાશે. અમદાવાદ સહીત ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ગરમીનો પારો સામાન્ય કરતા આંશિક ઉચે રહે તેવી સંભાવના છે.

## સોનગઢમાં કાર ઝાડ સાથે અથડાતાં ત્રણનાં મોત

સોનગઢ

સોનગઢ તાલુકાના હીરાવાડી ગામ પાસે કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર ઝાડ સાથે અથડાતાં ત્રણ વ્યક્તિનાં ઘટનાસ્થળે મોત નીપજ્યાં હતાં. રસ્તા પર જતાં દાદીને બચાવવા જતાં કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર ઝાડ સાથે ભટકાઈ કારમાં સવાર એક મહિલા અને એક બાળકી સહિત ત્રણ જણનાં ઘટનાસ્થળે મોતની નીપજ્યાં, જ્યારે ચાર જેટલી વ્યક્તિઓને ગંભીર ઈજા પહોંચતાં સારવાર માટે જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

આ અકસ્માત દરમિયાન વૃદ્ધા સહિત કારમાં સવાર એક મહિલા અને એક બાળકીનું ઘટનાસ્થળે મોત અને અન્ય ચારને ગંભીર ઈજાગ્રસ્ત ઘાયલોને સોનગઢ હોસ્પિટલમાં ખસેડાયા છે. હાલ સોનગઢ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## રમજાન-ઈદના પર્વ નિમિત્તે શુભકામના પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મુસ્લીમ સમાજના સૌ નાગરિક ભાઈ-બહેનોને ગુરૂવાર તા. ૧૧મી એપ્રિલના રોજ ઉજવાનારા પવિત્ર ઈદ-ઉલ-ફિત્રની હાર્દિક શુભકામના પાઠવી છે.

મુખ્યમંત્રીએ રમઝાન ઈદની શુભેચ્છાઓમાં જણાવ્યું છે કે, ઈદનો આ તહેવાર સમાજ જીવનમાં સમત્વ, બંધુત્વ અને સામાજિક સમરસતા સાથે સદભાવને વધુ મજબુત બનાવશે તથા સૌના જીવનમાં સુખ-સમૃધ્ધિની વૃધ્ધિ કરશે.

## પંચમહાલના પૂર્વ સાંસદ ભૂપેન્દ્રસિંહ સોલંકીએ ફરી ભાજપમાં કર્યો પ્રવેશ

પંચમહાલ

લોકસભાની ચૂંટણી ૨૦૨૪ને લઈ રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે. ક્યાંક વિરોધ તો કયાંક પ્રચાર રેલીઓ તો વળી કયાંક પક્ષ પલટાનો માહોલ જોવા મળી રહ્યો છે. એક તરફ ભાજપે ગુજરાતની તમામ બેઠકો પર પોતાના ઉમેદવારો જાહેર કરી દીધા છે તો બીજી તરફ કોંગ્રેસની ચાર બેઠકો પર ઉમેદવારોને લઈ કોકડું હજુ સુધી ગુચવાયેલું છે. જો કે, આ બધી રાજકીય ચહલ-પહલ વચ્ચે પંચમહાલમાં કેટલાક રાજકીય અને સહકારી આગેવાનો ભાજપ જોડાયા છે.

પંચમહાલ બેઠકના પૂર્વ સાંસદ અને પંચમહાલ ડેરીના પૂર્વ ચેરમેન ભૂપેન્દ્રસિંહ સોલંકીએ આજે કેસરિયા કર્યા છે. જેઓએ આજે ફરી ભાજપ ઘરવાપસી કરી છે. તેમની રાજકીય કારકિર્દીની વાત કરીએ તો તેઓ બે વખત સાંસદ રહી ચૂક્યા છે. ભૂપેન્દ્રસિંહને વર્ષ ૨૦૧૯માં ભાજપે ટિકિટ ન આપતા અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી.

પંચમહાલ બેઠક ૨૦૦૮ના નવા સીમાંકન પછી અસ્તિત્વમાં આવી. બેઠક અસ્તિત્વમાં આવ્યા બાદ આ બેઠક ઉપર ભાજપનું શાસન છે. ભાજપે રતનસિંહ રાઠોડને ફરી રિપીટ ન કરતા રાજપાલસિંહ જાધવને મેદાને ઉતાર્યા છે. તો કોંગ્રેસે લુણાવાડાના વર્તમાન ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણને મેદાને ઉતાર્યા છે. ઉમેદવારો જાહેર થયા બાદ પ્રચાર-પ્રસાર જોરશોરથી થઈ રહ્યો છે ત્યારે સ્થાનિક સ્તરે ઉમેદવારો સામે અસંતોષની વાત પણ વહેતી થઈ છે. ભાજપ કેન્દ્ર

## સુરત થી અમદાવાદ રિક્ષામાં ગાંજાની હેરાફેરી : ત્રણ આરોપી જેલ હવાલે

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં રિક્ષામાં ગાંજાની હેરાફેરી કરતા ત્રણ લોકોની પોલીસે ધરપકડ કરી છે. શહેરના નારોલ તરફથી આવતી રીક્ષામાં ગાંજો હોવાની માહિતીના આધારે વેજલપુર પોલીસની ટીમ રીક્ષામાં ગાંજો લઈ આવનાર ત્રણ લોકોની ધરપકડ કરી ૩ લાખથી વધુની કિંમતનો ૩૦ કિલો થી વધુનો ગાંજો પકડી પાડ્યો છે.

પોલીસે ઓટોરિક્ષા સાથે મન્સૂરી ફૈઝલ ગુલાબભાઈ, ઈરફાન શેખ અને સૈયદ જુનેદ યુસુફભાઈ નામના ત્રણ આરોપીઓની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

આરોપીઓની પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે અગાઉ થોડા દિવસ પહેલા ત્રણેય આરોપીઓ સુરત થી અમદાવાદ ગાંજાનો જથ્થો લઈ આવ્યા હતા. જ્યારે ગઈકાલે બીજી વખત ગાંજો લઈને આવતા હતા ત્યારે પોલીસે પકડી પાડયા હતા.

અમદાવાદના એક વ્યક્તિએ તેની ઓટોરીક્ષા આરોપીઓને આપી હતી જેના દ્વારા આ ત્રણેય આરોપીઓને સુરત ખાતે ગાંજો લેવા મોકલ્યા હતા. જોકે રસ્તામાં કોઈને શંકા જાય નહીં તે માટે એક આરોપી રીક્ષા ચલાવતો હતો જ્યારે અન્ય બે આરોપીઓ પાછળ પેસેન્જરના ગ્રુપમાં બેસતા હતા.

# જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીનું આગમન

### બોક્સ દીઠ રૂ. ૬૦૦થી ૧૮૦૦નો ભાવ બોલાયો



જૂનાગઢ

કેસર કેરીના સ્વાદના રસીયાઓએ હવે તેમની પ્રિય કેરી માટે બહુ રાહ નહીં જોવી પડે. ફળોની રાણી ગણાતી મીઠી મધુર કેસર કેરીનું ધમાકેદાર આગમન થઈ ગયું છે. જોકે લોકોએ હાલ કેસરનો સ્વાદ લેવો થોડો મોંઘો પડી શકે છે. જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં અંતે કેસર કેરીની આવકનો પ્રારંભ થઈ ચૂક્યો છે.

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ૮૦૦થી ૧૦૦૦ બોક્સની આવક થઈ હતી. હરાજીમાં પ્રતિ બોક્સનો ભાવ ૬૦૦થી ૧૮૦૦ રૂપિયા બોલાયો હતા. યાર્ડના વેપારીઓના મતે બજારમાં જેમ જેમ કેરીની આવકમાં વધારો થશે એમ એમ ભાવમાં પણ ઘટાડો જોવા મળશે.

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં માર્ચ અને એપ્રિલ મહિના દરમિયાન ગીરની કેસર કેરીની ૨ હજારથી ૫ હજાર બોક્સની આવક થતી હોય છે, પરંતુ આ વર્ષે વાતાવરણમાં આવેલા પલટાના કારણે કેરીની આવક મોડી અને ઓછી થઈ છે. આ વર્ષે ૮૦૦થી ૧૦૦૦ બોક્સની જ આવકથી પ્રારંભ થયો છે. ગત વર્ષ ૨૦૨૩માં આ જ સમયગાળામાં બોક્સનો ભાવ ૨૫૦થી ૫૦૦ રૂપિયા હતો.

### જ્યાં સુધી માફી ન માંગે ત્યાં સુધી

# કાજલ હિન્દુસ્તાનીને પાટીદાર સમાજના કોઇ કાર્યક્રમમાં સ્ટેજ પર બેસવા નહી દેવાય

મોરબી,

મોરબી પાટીદાર સમાજની દીકરીઓ અને ઉદ્યોગપતિઓ વિશે ટિપ્પણી કરનાર કાજલ હિન્દુસ્તાનીના વિરોધમાં મોરબીમાં જાહેર સભા યોજાઈ હતી જેમાં પાટીદાર સમાજની વિવિધ સંસ્થાઓ અને સિરામિક એસો.ના પ્રમુખો સહિતના હાજર રહ્યા હતા અને આગામી સમયમાં કાજલ હિન્દુસ્તાની જ્યાં સુધી માફી ન માંગે ત્યાં સુધી તેને પાટીદારોના એક પણ કાર્યક્રમમાં કોઈપણ જગ્યાએ સ્ટેજ ઉપર પગ રાખવા



નહીં દેવામાં આવે તેવું એલાન મોરબીના પાટીદાર સમાજ દ્વારા કરવામાં આવ્યું છે.

કાજલ હિન્દુસ્તાનીને હવેથી કાફર પાકિસ્તાનીના નામથી બોલાવવા પાટીદારોએ આહવાન કર્યું છે.આમ પટેલ સમાજની દિકરીઓ અને મહિલાઓ ઉપર કરાયેલ કાજલબેન હિન્દુસ્તાનીની ટીપ્પણીઓ બાદ રોષે ભરાયેલ પાટીદાર સમાજે રેલી યોજીને આવેદનપત્ર આપેલ બાદમાં કોર્ટમાં બદનક્ષીના બદલ ફરીયાદ કરવામાં આવી હતી જોકે આ સંમેલન કે જેમાં સમાજની દિકરીઓ ઉપર કાજલબેને કરેલ બફાટ બદલે તેઓ માફી માંગે તેવી માંગ કરવામાં આવી તે દરમિયાન વકતવ્યોમાં અમુક આગેવાનો "સ્ત્રી દાક્ષીણ્ય" ચુકી ગયા હતા.

## ગુજરાત વિધાનસભામાં સરદારસિંહ રાણાના જન્મદિન નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાઈ



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે શ્રી સરદારસિંહ રાણાના જન્મદિવસ નિમિત્તે તેમના તૈલચિત્રને વિધાનસભાના સચિવ શ્રી ડી.એમ.પટેલે આજે ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આઝાદીની ચળવળમાં શ્રી સરદારસિંહ રાણાનો સિંહફાળો રહ્યો હતો. ક્રાંતિકારી,સ્વાતંત્ર્ય સૈનિક સરદારસિંહ રાણા શ્રી શ્યામજી કૃષ્ણ વર્માના પરિચયમાં આવતાં આઝાદીના રંગે રંગાયા હતા. તેઓએ વર્ષ-૧૯૦૭માં જર્મનીમાં યોજાયેલી આંતરરાષ્ટ્રિય સમાજવાદી પરિષદમાં હાજર રહીને મેડમ કામા સાથે સૂર્ય-ચંદ્રના નિશાનવાળો હિન્દનો પ્રથમ રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો. તેઓ સંપૂર્ણપણે દેશ પ્રેમની ભાવના ધરાવતા અને વિલાયતી દવાઓ કરતા નેચરોપેથીમાં વિશ્વાસ કરતા હતા. ગુજરાતના સુપુત્ર એવા સરદારસિંહ રાણાએ વિદેશમાં જઈ ક્રાંતિવીરોને દેશની આઝાદી માટે તૈયાર કર્યા હતા અને તેમને સંપૂર્ણ જીવન દેશ માટે અર્પણ કર્યું હતું.

## ભાજપ બીજા રાજકીય આગેવાનોને ડરાવીને તેમનામાં સામેલ કરે છે : મુકુલ વાસનિક

અમદાવાદ,

ગુજરાત કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકે જણાવ્યું હતું કે ભાજપ બીજા રાજકીય પક્ષોના આગેવાનોને ડરાવીને તેમના પક્ષમાં સામેલ કરે છે. ભાજપમાં આવેલી ભરતી કંઈ તેમની વિચારધારાને આભારી નથી, પરંતુ ઈડી અને સીબીઆઈના ડરને આભારી છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ભાજપને પોતાના બળે બહુમતી મેળવવાનો વિશ્વાસ નથી તેથી જ તે બીજા રાજકીય પક્ષોના નેતાઓને સામેલ કરી રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે આજે ભાજપે તેમના પક્ષને કોંગ્રેસી આગેવાનોથી ભરી દીધો છે. ભાજપ કોંગ્રેસમુક્ત ભારત કરવા જતાં-જતાં કોંગ્રેસયુક્ત ભાજપ થઈ ગયું છે. આસામમાં ભાજપના મુખ્યમંત્રી હિમન્તા બિસ્વા સરમા કોંગ્રેસના મૂળના છે. આ ઉપરાંત ભાજપે કર્ણાટકમાં યેદિયુરપ્પાના સ્થાને જેમને સીએમ બનાવ્યા હતા તેમનું ગોત્ર પણ મૂળ તો કોંગ્રેસનું જ હતુ.

આ બતાવે છે કે ભાજપ પાસે સારા રાજકીય આગેવાનોની કેટલી ખોટ છે કે તેણે કોંગ્રેસમાંથી તેને આયાત કરવા પડી રહ્યા છે.

# સુરતમાં ફરી તાંત્રિકે વિધી કરવાના બહાને મહિલા સાથે દુષ્કર્મ આચર્યું

સુરત,

સુરતમાં વિધી કરવાના બહાને તાંત્રિકની કરતૂત સામે આવી છે,જેમાં ભુવાએ દુષ્કર્મ આચરી મહિલા સાથે ૧૪ લાખની માતબર રકમ પડાવી લીધી છે,મહિલાને પારીવાર તકલીફ હોવાથી તાંત્રિક પાસે વિધી કરાવવા પહોચી હતી,ત્યારે તાંત્રિક દુષ્કર્મ આચર્યુ હતુ,તો મહિલાએ ત્યારબાદ સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે દુષ્કર્મ અને છેતરપિંડીની ફરિયાદ હેઠળ ગુનો નોંધ્યો હતો અને તાંત્રિકની ધરપકડ કરી હતી.

મહિલાની વાત સાંભળી પોલીસ પણ ચોંકી ઉઠી હતી,તાંત્રિકે અગાઉ કોઈ સાથે આજ રીતને કરતૂત કરી છે કે નહી તેને લઈ તપાસ હાથધરી છે,તો બીજી તરફ તાંત્રિક સાથે કોણ કોણ જોડાયું છે અને મહિલા તાંત્રિક સાથે કેવી રીતે પહોચી તે દિશામાં તપાસ હાથધરી છે.

વર્ષ ૨૦૨૦ થી વર્ષ ૨૦૨૩ દરમ્યાન બંને જ્યોતિષો દ્વારા ફરિયાદીને તાંત્રિક ચમત્કાર દ્વારા હર મુશ્કેલ અને સમસ્યાઓનું સમાધાન કરી આપવાના નામે અલગ અલગ વિધિના બહાને રૂપિયા ૧૫ લાખથી વધુની રકમ પડાવી લેવામાં આવી હતી. જેમાં સોના-ચાંદીના ઘરેણા પણ બંને જ્યોતિષો દ્વારા પડાવી લેવાયા હતા. ઘરમાં આત્માનો વાસ છે અને ઘરમાં મોટા પ્રમાણમાં સોનું રહેલું છે તેમ કહી ફરિયાદીને વિશ્વાસ અને ભરોસામાં લેવામાં આવ્યો હતો. જ્યાં વિશ્વાસ અને ભરોસામાં આવી ગયેલા ફરિયાદીએ આ તમામ રકમ અને સોના ચાંદીના ઘરેણા બંને જ્યોતિષોને આપી દીધા હતા.

## સમલૈંગિક સંબંધો બાંધવાના નામે યુવકને બોલાવી અઢી લાખ પડાવવાનો પ્રયાસ

અમરોલી,

સુરતના અમરોલી વિસ્તારમાં સમલૈંગિક સંબંધો બાંધવાના નામે યુવકને બોલાવી ચાર જેટલા લોકો દ્વારા રૂપિયા અઢી લાખ જેટલી રકમ પડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અમરોલી પોલીસ મથકના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ,અમરોલી પોલીસ મથક હદ વિસ્તારમાં રહેતા ૩૬ વર્ષીય યુવકને બ્લુડ લાઈવ એન્ડ ડેટિંગ એપ પરથી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. સોશિયલ મીડિયા એપ પરથી આવેલી ફ્રેન્ડ રિક્વેસ્ટ આ યુવક દ્વારા સ્વીકારવામાં આવી હતી. અજાણ્યા શખ્સ દ્વારા મોકલવામાં આવેલી ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારતા યુવક જોડે ઓનલાઈન ચેટિંગ શરૂ થયું હતું. આ બાદ સમલૈંગિક સંબંધ બાંધવાની લાલચ આપી યુવકને અમરોલી વિસ્તારમાં બોલાવવામાં આવ્યો હતો. અમરોલી વિસ્તારમાં આવેલી એક સોસાયટીના મકાનમાં બોલાવી યુવકનો બીભત્સ વીડિયો ઉતારી લેવામાં આવ્યો હતો. યુવકને જ્યારે રૂમમાં બોલાવવામાં આવ્યો, ત્યારે પહેલાંથી જ એક ઈસમ આપતિજનક અવસ્થામાં હતો.

# સુરતમાં સરકારી બાબુઓને ચૂંટણીનું કામ નથી કરવું ૩૧૪૩ કર્મચારીઓએ ફરજ મુક્તિ માટે અરજી કરી

સુરત,

સુરત લોકસભાની ચૂંટણી માટે સુરત જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા શાળામાં આવેલા વિવિધ વિભાગોના અધિકારી કર્મચારીઓ માંથી ૩૧૪૩ અધિકારી કર્મચારીઓએ ચૂંટણી કામગીરીમાંથી મુક્તિ મેળવવા માટે અરજી કરી છે. જેમાંથી ૧૬૯૨ અરજીઓ માન્ય રાખવામાં આવી છે. જ્યારે કે, ૯૩૦ અરજીઓ નામંજુર કરી દેવામાં આવી છે. પરંતુ મોટી વાત તો એ છે કે મતદાન મથકનો સૌથી મહત્વનો અધિકારી પ્રિસાઈડિંગ ઓફિસર કહેવાય છે અને આ જવાબદારી જે અધિકારી કર્મચારીને આપવામાં આવી છે, તેમાંથી ૫૨૧ અધિકારીએ આ જવાબદારી ન સ્વીકારવા અરજી કરી છે અને ચૂંટણીના અન્ય કોઈપણ કાર્ય કરવા અરજી કરી જણાવવામાં આવ્યું છે.

સુરત જિલ્લા ચૂંટણી વિભાગ તરફથી પ્રાપ્ત વિગતો મુજબ આવનાર ૭ મેના રોજ સુરત લોકસભાની ચૂંટણી માટે વિવિધ વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓ મળીને ૨૭,૩૩૬ ઓર્ડર ઈશ્યુ કરવામાં આવ્યા છે. જે પૈકી એઆરઓ સમક્ષ ૩૧૪૩ અધિકારી-કર્મચારીઓએ ચૂંટણીની કામગીરીમાંથી મુક્તિ મેળવવા અરજી કરી છે. આવેલી કુલ અરજીઓ પૈકી ૯૩૦ અરજીઓ એઆરઓ દ્વારા નામંજુર કરી દેવામાં આવી છે. તથા ૧૬૯૨ અરજીઓ માન્ય રાખવામાં આવી છે.

આ પ્રકારના કારણોને મહત્વ આપી અરજી કરનાર મોટાભાગના અરજદારોને કામગીરીમાંથી મુક્તિ આપવામાં આવી છે. ચૂંટણી ફરજમાં ડ્યુટી ન કરવા માટે કરાયેલ અરજીમાં સૌથી મહત્વની બાબતએ જાણવા મળી હતી કે ૩૧૪૩ કર્મચારીઓની મળેલી રજૂઆતમાંથી ૫૨૧ કર્મચારીઓ એવા હતા કે જેમને ખાસ કિસ્સામાં પ્રિસાઈડીંગ ઓફિસરનો ઓર્ડર થયો હતો. તે ઓર્ડર રદ કરીને પોલીગ સ્ટાફમાં કે અન્ય કોઈપણ કામમાં મુકવા માટે અરજી કરાઇ હતી. પરંતુ ચૂંટણી ફરજ દરમિયાન પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે કામ કરવા તેઓ માંગતા નથી.


## નવસારીમાં માત્ર બે કલાકના અંતરાલમાં જ મામા-ભાણીનું મોત

નવસારી,

નવસારીના ચીખલીથી એક દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, ચીખલી નજીકના સમરોલી ગામે મામા-ભાણીનું બે કલાકના અંતરમાં જ મોત થયું છે. પ્રાથમિક વિગતો મુજબ મામાનું તળાવમાં ડૂબી જવાથી મોત થયું તો ભાણીનું ઘરમાં રમતા-રમતા કાપડની પટ્ટીથી ગળે ટૂંપો આવી જતાં મોત થયું છે. આ તરફ ઘટનાને લઈ મૃતકોના પરિજનો સહિત ગામમાં શોકની માહોલ છવાઈ ગયો છે.

ઘટના નવસારીના ચીખલી નજીક સમરોલી ગામે બની છે. સમરોલી ગામે મામા-ભાણીનું ગણતરીના કલાકોમાં જ મોત થયું છે. જેમાં મામા યોગેશ કુકણાનું તળાવમાં ડૂબી જતાં મોત નીપજ્યું હતું. તળાવમાં ન્હાવા પડેલા યોગેશ કુકણાનું મોત નિપજ્યુ હતું. જોકે આ સમાચારના ગણતરીના કલાકો ઘરે ૯ વર્ષની બાળકીને કાપડની પટ્ટી ગળામાં ફસાઈ જતા ગળે ફાંસો આવી જતા મોત નિપજ્યુ હતું. આ તરફ એક જ પરિવારમાં બે મોત થતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયા છે.

# આયોલાલ ઝુલેલાલ : ગોહિલવાડમાં સિંધી સમાજ દ્વારા ચેટીચંદની ઉત્સાહભેર ઉજવણી



ભાવનગર, તા.૧૧

સિંધી સમાજના આસ્થાના કેન્દ્ર ભગવાન ઝુલેલાલનો જન્મોત્સવ-ચેટીચંદ પર્વની બુધવારે સમગ્ર ગોહિલવાડમાં ભારે આસ્થા અને ભાવપૂર્ણ રીતે ઉજવણી થઈ હતી. આ દિવસથી સિંધી સમાજના નવા વર્ષનો પ્રારંભ થતો હોય છે. આથી સમાજમાં એકબીજાએ નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. મંદિરોમાં અખંડ પાઠ સાહેબ સહિતના ધાર્મિક કાર્યો યોજાયા હતાં. જ્યારે બપોરે શહેરના ઘોઘાગેટ સ્થિત જલ આશ્રમથી રંગદર્શી શોભાયાત્રા ડીજેના સથવારે નીકળી હતી.

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ગોહિલવાડમાં ચૈત્રી બીજના પવિત્ર પર્વે સમસ્ત સિંધી સમાજ દ્વારા શ્રધ્ધેય ઝુલેલાલના જન્મોત્સવ ચેટીચંદની પરંપરાગત રીતે હર્ષોલ્લાસભેર ઉજવણી કરાઈ હતી. આ અવસરને લઈને શહેરના રસાલા કેમ્પ તથા સિંધુનગરમાં આવેલા ઝુલેલાલ મંદિરોમાં અખંડ જયોતના દર્શન, ભજન, સત્સંગ, તેમજ શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાયા હતા. ભાવનગર શહેર અને જિલ્લામાં સિંધી સમુદાય દ્વારા ઠેર-ઠેર પવિત્ર તહેવાર ચેટીચંદની ઉજવણી કરાઈ હતી.ચેટી એટલે ચૈત્ર અને ચંદ એટલે ચંદ્ર ચૈત્રી મહિનાની ચંદ્ર તીથિએ સિંધી સમુદાય દ્વારા પરંપરાગત રીતે નૂતન વર્ષની ઉજવણી કરાઈ હતી.

આ અવસરે વહેલી સવારથી જ રસાલા કેમ્પ અને સિંધુનગરના ઝુલેલાલના મંદિરોમાં ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા હતા. તમામ ધર્મસ્થાનકો આયો લાલ ઝુલેલાલના જયઘોષથી ગુંજી ઉઠયા હતા. સિંધી સમાજના લોકોએ પરસ્પર નવા વર્ષની શુભેચ્છાની આપ-લે કરી હતી. આ સાથે પંજડો ગવાયો હતો,ધર્મસ્થાનકોમાં અખંડ જયોત પ્રાગટય (ભેરાણા સાહેબ), અખંડ પાઠ સાહેબ દરીયાદેવનું પૂજન, અર્ચન અને સત્સંગ, શહેરના રૂપમ ચોકથી જુના બંદર સુધી શોભાયાત્રા તેમજ લંગર સહિતના કાર્યક્રમો યોજાયા હતા.શોભાયાત્રાના માર્ગો પર, સિંધીવસાહતોમાં તેમજ સિંધી બજારોમાં પણ ઠેરઠેર મસાલાવાળા ચણા, શીરાની પ્રસાદી તેમજ ઠંડા પીણા અને શરબતનું વિતરણ કરાયુ હતુ. સિંધુનગર, રસાલા કેમ્પ સહિતના સ્થળોએ દિવાળી જેવો સુશોભન અને શણગાર કરાયો હતો.ગુરૂદ્વારાઓ અને ધર્મસ્થાનકો શણગારાયા હતા. સિંધી બજારોમાં સ્વયંભૂ બંધ પળાયો હતો.

**રસાલા કેમ્પ તેમજ સિંધુનગરના ઝુલેલાલ ભગવાનના મંદિરોમાં અખંડ પાઠ સાહેબ સહિતના કાર્યક્રમો યોજાયા, નીકળેલી રંગદર્શી શોભાયાત્રા**

# કાઝીવાડનો શખ્સ બોરડીગેટથી દેશી રિવોલ્વર સાથે ઝડપાયો

ભાવનગર, તા.૧૧

ભાવનગર એસઓજી સ્ટાફે પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીના આધારે બોરડીગેટ વિસ્તારમાંથી દેશી બનાવટની રિવોલ્વર સાથે એક શખ્સને ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભાવનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન ફરજ બજાવતા કોન્સ્ટેબલને બાતમી મળી હતી કે,ભગાતળાવ વિસ્તારમાં રહેતો એક શખ્સ બોરડીગેટ વિસ્તારમાં ઉભો છે અને તેની પાસે દેશી બનાવટની રિવોલ્વર છે એટલે આ બાતમીના આધારે પોલીસે તે જગ્યાએ જઈ તપાસ કરતા ફરદીન ઉર્ફે રાવણ મુનાફભાઇ કુરેશી કાજીવાડ, ભગાતળાવ વાળો હાજર મળી આવેલ તેની તલાશી લેતા તેની પાસેથી પાસેથી દેશી બનાવટની રિવોલ્વર મળી આવી હતી. તેની ધરપકડ કરી ઘોઘરોડ પો.સ્ટે.માં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાવ્યો હતો.

આરોપી પાસે હથિયાર રાખવા અંગેનું કોઈ લાયસન્સ ન હોય પોલીસે તેની ધરપકડ કરી ઘોઘારોડ પોલીસના હવાલે કર્યો હતો. આરોપીએ આ હથિયાર કોની પાસેથી ખરીદ્યું હતું ? અને હથિયાર શા માટે રાખ્યું હતું ? તે સહિતના મુદ્દાની તપાસ હાથ ધરી છે.

## સાયબર ક્રાઈમના ગુન્હામાં ફરાર આરોપી ભાવનગરથી ઝડપાયો

ભાવનગર, તા.૧૧

વડોદરા શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ વિશ્વાસઘાત, છેતરપીંડીના ગુનાના આરોપીને ભાવનગર એલસીબીએ પુર્વ બાતમીના આધારે ઘોઘરોડ પરથી ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભાવનગર,એલ.સી.બી. સ્ટાફનાં માણસો ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં.તે દરમ્યાન બાતમીરાહે હકિકત મળેલ કે, વડોદરા શહેર, સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૬૦૪૦ ૨૩૦૦૧૪/ ૨૦૨૩ ઇ.પી.કો.કલમઃ-૪૦૬, ૪૨૦, ૧૨૦ બી તથા આઇ.ટી. એકટ કલમઃ- ૬૬ ડી મુજબના ગુન્હાના કામે નાસતાં-ફરતા આરોપી રામજી મોહનભાઇ મકવાણા રહે.ભાવનગરવાળો ભાવનગર, ઘોઘા રોડ રાજારામના અવેડા પાસે, શેલ કંપનીના પેટ્રોલ પંપ પાસે રોડ ઉપર ઉભો છે.જે બાતમીવાળી જગ્યાએ તપાસ કરતાં રામજી ઉર્ફે ભોળો મોહનભાઇ મકવાણા ઉ.વ.૪૦ રહે.પ્લોટ નંબર-૨૦૦/બી, ૫૦ વારીયા, લંબે હનુમાન મંદિર સામે, સરદારનગર,ભાવનગર વાળો આરોપી હાજર મળી આવતાં તેની પુછપરછ કરતાં વડોદરા સાયબર ક્રાઈમના ગુન્હામાં નાસતો-ફરતો હોવાનું જણાય આવેલ. જેથી આગળની વધુ તપાસ માટે ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં સોંપી વડોદરા શહેર, સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા તજવીજ કરેલ.

## તલ્લીના યુવક પર વાલરના શખ્સે ધોકાથી હુમલો કર્યો

ભાવનગર, તા.૧૧

તળાજા તાલુકાના તલ્લી ગામમાં રહેતા યુવક ઉપર વાલર ગામના શખ્સે લાકડાના ધોકાથી હુમલો કરતા તેને ગંભીર ઈંજા પહોંચી હતી. દાઠા પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે અશ્વિન જોધાભાઈ સાંખડએ રવિરાજસિંહ ઉર્ફે કાનભા સરવૈયા (રહે.વાલર) સામે પોલીસ ફરિયાદ નોધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે તલ્લી ગામમાં સર્કસ આવ્યું ત્યારે તેણે સર્કસમાં ટેમ્પો ચલાવ્યો હતો એટલે આરોપીએ તા.૧૨ માર્ચના રોજ અશ્વિન ટેમ્પો લઈને જઈ રહ્યો હતો ત્યારે રવિરાજસિંહે ચાલુ ટેમ્પાએ જ અશ્વિનને જમણા હાથના ખભા પર લાકડાનો ધોકો મારી દેતા ટેમ્પો પલ્ટી ખાઈ જતા અશ્વિન બેભાન થઈ ગયો હતો. તેને ગંભીર પ્રકારની ઈંજા પહોંચી હતી. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભાલર ગામના યુવાનનુ કેનાલમાં ડુબી જતા મોત

ભાવનગર, તા.૧૧

તળાજા તાલુકાના ભાલર ગામમાં રહેતા યુવકનું કેનાલમાં ડુબી જવાના કારણે મોત નિપજયું હતું. બનાવની જાણ થતાં સ્થાનિક લોકો ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા અને ૧૦૮ મારફતે યુવકના મૃતદેહને હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો.

આ અંગે મળતી વિગતો મુજબ ભાલર ગામમાં રહેતા રમેશ પાંચાભાઈ ચાવડા નામના યુવકનું કેનાલમાં ડુબી જતાં મોત નિપજયું હતું. સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે મૃતક યુવક છુટક મજુરી કામ કરતો હતો અને તે કેનાલમાં ન્હાવા માટે જતાં તેનું ડુબી જવાના કારણે મોત નિપજયું હતું.


## મહાપાલિકાને રજાના દિવસે મિલ્કત વેરાની રૂ. ૧.૭૦ કરોડની આવક

ભાવનગર, તા.૧૧

ભાવનગર મહાપાલિકા દ્વારા હાલ ૧૦ ટકા રિબેટ યોજના અમલી છે. જેનો લાભ લેવા રજાના દિવસોમાં પણ કરદાતાઓની ભીડ જોવા મળી રહી છે. હાલ ૧૦ ટકા રિબેટ ઉપરાંત ઓનલાઈન ચુકવણીમાં વધારાના બે ટકા મળી રહ્યા છે આથી કરદાતાઓ બહોળા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે. જાહેર રજાના દિવસોમાં પણ મહાપાલિકાની ઘરવેરાની બારીઓ પર મિલ્કત વેરો લેવામાં આવી રહ્યો છે આથી ગઈકાલે રજાના દિવસો કોર્પોરેશને રૂા.૧.૭૦ કરોડની આવક થઈ હોવાનું જાણવા મળ્યું છે. આજે તેમજ આગામી શનિ-રવિની રજામાં પણ મિલ્કત વેરો સ્વીકારવા બારીઓ ખુલ્લી રહેશે.

# એસ.ટી.માં પ્રવાસ માટે દિવ્યાંગોને અપાયેલ હોલોગ્રામ સ્ટીકરવાળા ઓળખપત્ર પણ માન્ય

### જૂના ઓળખપત્રમાં QR કોડ ન હોય તો પણ દિવ્યાંગ પ્રવાસીને મુસાફરી કરતા રોકી નહીં શકાય : રજૂઆતના અંતે સમાજ કલ્યાણ કમ સમાજ સુરક્ષા અધિકારીની સ્પષ્ટતા




ઘોઘા, તા.૧૧

અગાઉ આપવામાં આવેલ એસટી નિગમની બસમાં દિવ્યાંગજનોને વિનામૂલ્યે મુસાફરી માટે અપાયેલા આજીવન ઓળખપત્રમાં QR કોડ ન હોવાથી મુસાફરી દરમ્યાન ફરજ ઉપરનાં કંડકટર દ્વારા હડધૂત કરી કાયદેસરનાં પાસ માન્ય રાખવામાં ન આવતા હોવાથી દિવ્યાંગજનોને પારાવાર કનડગત કરવામાં આવી રહી હોવાની ફરીયાદો ઉઠવા પામતા એસ ટી કર્મચારીઓની કનડગત સામે ઉગ્ર રોષની લાગણીઓ ફેલાવા પામી છે.

પ્રાપ્ત થયેલ વિગત મુજબ દિવ્યાંગજનોને એસટી નિગમની બસમાં વિનામૂલ્યે અમર્યાદિત મુસાફરી કરવા માટેની યોજના અમલમાં છે અને તે માટે સમય સમય પર થતા નિયમોના ફેરફાર મુજબ જરુરી પ્રમાણપત્રોનાં આધારે રાજ્ય સરકારનાં સમાજ કલ્યાણ કમ સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા આજીવન માન્યતા પ્રાપ્ત ઓળખપત્ર આપવામાં આવેલ છે જેની પાછળની બાજુ ગુજરાત સરકારનો હોલોગ્રામ દર્શાવતુ સ્ટીકર લગાવેલુ છે.

જે અસલ પ્રમાણપત્ર હોવાની સાબિતી આપે છે પરંતુ ત્યાર બાદ થયેલા સુધારા મુજબ નવા ઈસ્યુ થયેલ ઓળખપત્રોમાં હોલોગ્રામ સ્ટીકર નાં સ્થાને QR કોડ મુકવામાં આવેલ છે જેને સ્કેન કરવામાં આવતા ઓળખપત્ર ધારણ કરનારની તમામ વિગતો મળી શકે છે. હવે આવા નવા ઓળખપત્રમાં મૂકવામાં આવેલ QR કોડનાં કારણે ફરજ ઉપરનાં કંડકટર દ્વારા દિવ્યાંગજનોને કનડગત શરુ થઈ ગઈ છે અને અગાઉ આપવામાં આવેલ હોલોગ્રામ સ્ટીકર વાળા ઓળખપત્ર માન્ય રાખતા નથી અને QR કોડ વિનાના ઓળખપત્ર ચાલશે નહી અને તમારે ફરજિયાત મુસાફરીના ભાડાના પૈસા ચૂકવીને ટીકીટ લેવાની ફરજ પાડવામાં આવતી હોય દિવ્યાંગ પ્રવાસીઓમાં ઉગ્ર રોષની લાગણીઓ ફેલાવા પામી છે.

સંખ્યાબંધ દિવ્યાંગજનોની મળેલ ફરીયાદના સંદર્ભે ભાવનગર સ્થિત સમાજ કલ્યાણ કમ સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાં ફરજ ઉપર હાજર જવાબદાર અધિકારી સમક્ષ વિસ્તૃત ચિંતાસભર રજૂઆત કરવામાં આવતા રજૂઆતનાં સંદર્ભે સ્પષ્ટ જણાવેલ છે કે રાજ્ય સરકાર દ્વારા આવા હોલોગ્રામ સ્ટીકર વાળા ઓળખપત્ર અમાન્ય રાખવા કોઈ સૂચના કે પરિપત્ર જાહેર કરેલ નથી.

આ માત્ર ફરજ ઉપરના કંડકટર અને અન્ય કર્મચારીઓના અસહકાર મય અને મનસ્વી વર્તનના કારણોસર આવી વિસંગતતા ઉભી થવા પામેલ છે. તેમણે વધુમાં એમ પણ જણાવેલ છે કે દિવ્યાંગજનો આ કંડકટરો દ્વારા થતી કનડગત બાબતે ભાવનગર એસટીના વિભાગીય નિયામકને પણ અમોએ રુબરુ મુલાકાત લઈ રજૂઆત કરેલ છે. તેમના દ્વારા ખાત્રી આપવામાં આવેલ છે કે આ કનડગત વ્હેલીતકે બંધ થાય તેમ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને કનડગત માટે જવાબદાર જણાતા કર્મચારીઓ સામે સખ્ત પગલા પણ ભરવામાં આવશે.

**કંડકટર દ્વારા પાસ ન સ્વીકારાય તો વિગતો સાથે ફરિયાદ કરો**

કોઈ પણ દિવ્યાંગને પ્રવાસ દરમિયાન ફરજ ઉપરનાં કર્મચારીઓ દ્વારા આવી કનડગત થતી હોય તો તેમણે તારીખ, વાર, ઉપાડવાનો સમય, ક્યા રુટની બસ, ફરજ ઉપરનાં કંડકટર કે અન્ય કર્મચારીનું નામ, બેઈઝ નંબર, બસ નંબર વિગેરે વિગતો સાથે ગુજરાત રાજ્યમાં તમામ જીલ્લા મથકે આવેલ એસ ટી નિગમના વિભાગીય નિયામકની કચેરીમાં ફરીયાદ કરવા જણાવાયુ છે.

# પારુલ યુનિવર્સિટીના ૨૧૦ સ્ટાર્ટ અપ્સ ૧૨૦૦ પરિવાર માટે બન્યા રોજગાર દાતા

### સ્ટાર્ટ અપ્સ દ્વારા વાર્ષિક રૂા.૩૦ કરોડની આવકનું થયું સર્જન

વડોદરા

ભારતીય સ્ટાર્ટ-અપ ઈકો સિસ્ટમે છેલ્લાં એક દાયકામાં મોટી પ્રગતિ સાધી છે. વર્ષ ૨૦૧૪માં માત્ર ૩૫૦ સ્ટાર્ટ-અપની સંખ્યાથી આગળ વધતાં વર્ષ ૨૦૨૩ સુધીમાં દેશમાં સંખ્યા ૯૦,૦૦૦ને પાર કરી ગઈ છે. આનાથી લગભગ ૧૧૧ જેટલાં સ્ટાર્ટ- અપ્સ યુનિકોર્ન છે, જેનું મૂલ્ય ૧ અબજ ડોલરથી વધુ થવા પામે છે.

દેશના યુવાનોને જોબ સીકર નહી, પરંતુ જોબ ક્રિએટર બનવા માટે પ્રોત્સાહિત કરતાં નેક ૭++ માન્યતા ધરાવતી પારૂલ યુનિ.એ એઆઇ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, બ્લોકચેઈન, હેલ્થકેર, ઈ-કોમર્સ એન્ડ લોજીસ્ટિક્સ, એડ ટેક, ફૂડ ટેક, ઓટોમોબાઈલ, રિન્યૂએબલ એનર્જી, સોશિયલ ઇમ્પેક્ટ જેવાં ઉભરતાં ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓના ઈનોવેટિવ આઇડિયાને સાચી દિશામાં આગળ લઇ જવા માટે પહેલ કરી છે અને તે પરિણામલક્ષી બની છે.

યુનિવર્સિટી કેમ્પસમાં અત્યાર સુધીમાં ૫૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને તેમના સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન માટે માર્ગદર્શન મળ્યું છે તથા ૨૧૦થી વધુ સ્ટાર્ટ-અપ ઈન્ક્યુબેટ થયાં છે. વિદ્યાર્થીઓએ તેમના સ્ટાર્ટ-અપ્સ દ્વારા ૧૨૦૦થી વધુ લોકો માટે રોજગાર ઉત્પન્ન કર્યું છે તેમજ તેમણે ભેગાં મળીને ૩૦ કરોડથી વધુની આવકનું પણ સર્જન કર્યું છે.

પારૂલ યુનિ.નો ઉદ્દેશ્ય ઈનોવેશન, આંત્રપ્રિન્યોરશિપ અને ક્રિએટિવિટીને પ્રેરિત કરવાનો છે, જેથી વિદ્યાર્થીઓ તેમના કૌશલ્યો વિકસાવી શકે અને એક સફળ સ્ટાર્ટ- અપની રચના કરવા સક્ષમ બને. પ્રારંભિક સ્ટેજના સ્ટાર્ટ-અપ્સને ટેક્નોલોજી અને માર્ગદર્શન, વૃદ્ધિ માટે શરૂઆતી ભંડોળ, નેટવર્ક અને લિંકેજીસ, કો-વર્કિંગ સ્પેસ, લેબની સુવિધા, મેન્ટરિંગ અને એડવાઈઝરી સપોર્ટ પૂરો પાડવામાં આવે છે. રોકાણકારો, સરકારી સંસ્થાનો, વેન્ચર કેપિટાલિસ્ટ અને બીજા રોકાણકારો પાસેથી પણ ભંડોળ ઊભું કરવા માટે પણ સ્ટાર્ટ-અપ્સને સહયોગ કરવામાં આવે છે. પારૂલ યુનિ.ના વાઈસ પ્રેસિડેન્ટ ડો. ગીતિકા પટેલે જણાવ્યું હતું કે, “એક વાઈબ્રન્ટ સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ પ્રતિભાના પોષણ અને તેને આકર્ષવા માટે ખૂબજ મહત્વપૂર્ણ છે. અમે યુનિ.માં ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિના વિકાસ માટે એક સહયોગી માહોલની રચના કરી છે, જ્યાં વિદ્યાર્થીઓ સ્ટાર્ટ-અપ માટે આવશ્યક કૌશલ્યો અને માર્ગદર્શન મેળવી શકે. સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમથી વિદ્યાર્થીઓની રચનાત્મકતાને પ્રોત્સાહન મળ્યું છે તથા તેમની જોખમ લેવાની ક્ષમતા વધી છે."

**સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ ૪.૦માં મહાનુભાવોઅને ૧૦૦ ઈન્ડસ્ટ્રી લીડર્સની હાજરી**

યુનિ. દ્વારા આયોજિત સ્ટાર્ટ-અપ ફેસ્ટિવલ ૪.૦માં ૨૫,૦૦૦થી વધુ સહભાગીઓ સફળ ઉદ્યોગસાહસિકો, રોકાણકારો અને ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ્સ સાથે પ્રેઝન્ટેશન, પેનલ ચર્ચા, એક્સપર્ટ સેશન અને ઈન્ટરેક્ટિવ વર્કશોપના માધ્યમથી જોડાયા હતા. તેમાં વિદ્યાર્થીઓને તેમના નવીન વિચારોને વિવિધ સ્પર્ધા, કાર્યક્રમો અને નેટર્વકિંગની તકો દ્વારા હકીકતમાં તબદીલ કરવા સક્ષમ કરાયા હતાં. આ ફેસ્ટિવલમાં શિક્ષણ મંત્રાલયના ચીફ ઈનોવેશન ઓફિસર અને એઆઈસીટીઈના વાઈસ ચેરમેન ડો. અભય જેરે, અટલ ઈનોવેશન મીશનના પ્રથમ મીશન ડાયરેક્ટર આમનન રામનાથન, સરકારી અધિકારીઓ, ગુગલના વેન્ચર કેપિટલિસ્ટ, ૧૦થી વધુ યુનિકોર્ન સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ, ૭૦થી વધુ પ્રતિષ્ઠિત વક્તાઓ, ૧૦૦થી વધુ ઈન્ડસ્ટ્રી લીડર્સ, ૫૦૦થી વધુ રોકાણકારો અને ૨૫૦ સ્ટાર્ટ-અપ ફાઉન્ડર્સ ઉપસ્થિત રહ્યા હતાં, જેમણે વિદ્યાર્થીઓ અને ઉભરતાં ઉદ્યોગસાહસિકોને નેટર્વકિંગ તથા ફંડિંગની તકો કેવી રીતે ઝડપવી તેના વિશે માહિતી આપી હતી. તેમાં વિદ્યાર્થીઓએ ઉદ્યોગસાહસિકો, રોકાણકારો અને ઈન્ડસ્ટ્રીના નિષ્ણાંતો સમક્ષ તેમના સ્ટાર્ટ-અપ આઇડિયા પિચ કર્યા હતાં. દોરી હેન્ડીક્રાફ્ટ્સ નામના સ્ટાર્ટઅપે કંપનીના રૂા. ૮૦ લાખના મૂલ્ય સાથે રૂ. ૨૦ લાખનું ફંડિંગ મેળવ્યું હતું. આ ઉપરાંત ૧૪ ટીમોએ તેમના સ્ટાર્ટઅપ્સ માટે રૂા. ૨૧ લાખનું કુલ ફંડિંગ પ્રાપ્ત કર્યું હતું.

**યુનિ.ને જંગી ગ્રાન્ટ મળી તથા પ્રતિષ્ઠિત એવોર્ડ્સથી સન્માન**

★ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યુનિ.ના PIERCએ અખિલ ભારતીય શિક્ષા સમાગમ ૨૦૨૩માં તેની ઉત્કૃષ્ટ કામગીરી પ્રસ્તુત કરી

★ પારૂલ યુનિ.એ પ્રારંભિક તબક્કાના સ્ટાર્ટ-અપ્સ અને ઈનોવેશનને સપોર્ટ કરવા ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ મંત્રી રૂષિકેશ પટેલની ઉપસ્થિતિમાં રૂ. ૨ કરોડની ગ્રાન્ટનો બીજો ઈન્સ્ટોલમેન્ટ મેળવ્યો છે.

★ સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ પાસેથી રૂ. ૩ કરોડની ગ્રાન્ટ મેળવી યુનિ.એ પ્રારંભિક તબક્કાના સ્ટાર્ટ-અપ્સને પોષણ આપ્યું. આજે ઘણા સ્ટાર્ટ-અપ્સ સફળતાના નવા શિખરે

★ શિક્ષણ મંત્રાલયના ઈનોવેશન સેલ દ્વારા સર્વોચ્ચ ૪ સ્ટાર રેન્કથી સતત ત્રીજીવાર સન્માન

★ શિક્ષણ મંત્રાલય, એનઆઈઆરએફ ઈનોવેશન ૨૦૨૩ રેન્કિંગમાં ટોચની ૫૦ યુનિવર્સિટીમાં પારૂલ યુનિ.નો સમાવેશ

★ ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના ઈનોવેશન સેલ દ્વારા MENTOR-MENTE પ્રોગ્રામ માટે મેન્ટર ઈન્સ્ટિટ્યુટ તરીકે યુનિ.ની ઓળખ કરાઈ

**અમદાવાદ, રાજકોટ-સુરતમાં શરૂ થયા સ્ટાર્ટઅપ સ્ટુડિયો - ઈન્ક્યુબેશન સેન્ટર**

ઈનોવેશન અને ઉભરતાં ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપતા યુનિએ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં સ્ટાર્ટ-અપ સ્ટુડિયો અને ઈન્ક્યુબેશન સેન્ટર શરૂ કર્યું છે. તેના પરિણામરૂપે અમદાવાદમાં ૫ સ્ટાર્ટ-અપ્સ SSIP પોલિસી હેઠળ કુલ રૂા. ૨.૭ લાખનું ફંડ મેળવ્યું છે.

## મધુસૂદન ડેરી દ્વારા દુધના ભાવમાં પ્રતિ કિલો ફેટમાં રૂ.૧૦નો વધારો

બોટાદ,તા.૧૧

બોટાદ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ પ્રેરીત મધુસુદન ડેરી દ્વારા દુધના ભાવમા પ્રતીકિલો લીટર ફેટમાં ૧૦ રૂપિયાનો વધારો કરાયો છે. પહેલાં ૭૭૨નો ભાવ હતો જે હવે ૭૮૨ રૂપિયાનો ભાવ પશુપાલકોને મળશે જે આજે ગુરૂવારથી અમલમાં આવશે.

બોટાદ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પશુપાલકો માટે યોગ્ય નિર્ણય કરવામાં આવ્યો છે. જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ પ્રેરીત મધુસુદન ડેરીમાં દુધના ભાવમાં પ્રતિકિલો લીટર ફેટમાં ૧૦ રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પહેલા પશુપાલકોને ૭૭૨ રૂપિયાનો ભાવ મળતો હતો. જે હવે ૭૮૨ રૂપિયાનો ભાવ મળશે. આમ દુધના ભાવમાં પ્રતિ કિલો ફેટમાં ૧૦ રૂપિયાનો ભાવ વધારો કરાતા પશુપાલકોને લાભ થશે.

જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ પ્રેરીત મધુસુદન ડેરી દ્વારા દુધના ભાવમા વધારો કરાયો છે. જે આજથી લાગું થશે તેમ બોટાદ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન ભોળાભાઈ રબારીએ માહિતી આપી હતી.

## રૂપાલા વિવાદ : વિઠ્ઠલવાડી સહિતના વિસ્તારમાં ભાજપના પ્રચાર પર પ્રતિબંધ !




**ભાવનગર શહેરના જુની વિઠલવાડી, નવજીવન સોસાયટી, બે માળિયા, ત્રણ માળિયા, ગાંધીનગર, નિર્મળનગર, ભાવુભાનો ચોક સહિતના વિસ્તારમાં રૂપાલાની ટિકીટ રદ ન થાય ત્યા સુધી ભાજપના કોઈ આગેવાન કે કાર્યકરોએ ચુંટણી પ્રચાર માટે કોઈએ પ્રવેશ કરવો નહિ તેવા લખાણના બેનર્સ સાથે ક્ષત્રિય સમાજના યુવાનોએ ગઈકાલે વિરોધ પ્રદર્શન કર્યું હતું તેમજ આગામી તા.૧૪મીએ રાજકોટ ના રતનપર ખાતે યોજનારા મહા સંમેલનમાં પણ ભાવનગરથી ક્ષત્રિય સમાજના કાર્યકરો જોડાશે અને તે માટે એક બેઠક મળી હતી તેમ જણાવાયું હતું.**

## ભાવનગર જીલ્લા પેન્શનર મંડળની ૧૨મીએ મિટિંગ

ભાવનગર, તા.૧૧

પેન્શનર મંડળની માસિક મીટીંગ તા.૧૨ને શુક્રવારે બપોરે ૪ વાગે ઝાલાવાડ સત્તર તાલુકા બ્રહ્મ સમાજની વાડી સિંધુનગર, ભાવનગર ખાતે રહેશે. આ મિટિંગમાં ૧/૬ થી ૩૦/૬ સંદર્ભે જે ફોર્મ ભરવાના બાકી છે તેમના ફોર્મ ભરાશે તથા પ્રખ્યાત આંખના સર્જન ડોક્ટર રજનીબા ગોહિલ ખાસ ઉપસ્થિત રહીને વડીલોને આંખની જાળવણી સંદર્ભે વિશેષ માર્ગદર્શન આપશે. સૌ પેન્શનરોએ સમયસર ઉપસ્થિત રહેવા મંડળના પ્રમુખ નીતિનભાઈ પંચોળીએ અનુરોધ કર્યો છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## યુક્રેન વિવાદ વકરતો જાય છે

વર્તમાન વર્ષ ૨૦૨૪ માં જગત ભરના લોકશાહી દેશોમાં ચૂંટણીની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે યુક્રેન નો વિવાદ વધુ ને વધુ વક્તો જાય છે નજીકના ભવિષ્યમાં તેનું કોઈ સોલ્યુશન દેખાતું નથી રશિયા પરના હુમલા પછી પુતીને માને છે કે આની પાછળ યુક્રેન નો હાથ છે આથી તે યુક્રેન પર વધારે ખતરનાક હુમલા કરી શકે તેમ છે આવી તે ઇઝરાયેલ પણ મુસ્લિમ સંગઠનો સામે રોશે ભરાયેલું છે. આમ એક બાજુ લોકશાહીની પ્રક્રિયા ચાલશે તો બીજી બાજુ નાના મોટા અડધો ડઝન જેટલા યુદ્ધો ખેલાઈ રહ્યા છે જે વિશ્વ શાંતિ માટે એક પડકારરૂપ છે મોસ્કોના કોન્સર્ટ હોલમાં થયેલા નિર્દયી હુમલા માટે ભલે ગમે તે જવાબદાર હોય, પુટિન તેના ત સાથે સાંકળી રહ્યા છે. હવે તેઓ યુક્રેન પર રશિયાના હુમલાની વધુ ભયાનક કરી શકે છે. આ બાબતમાં યુક્રેન પણ દૂધે ધોયેલું નથી મોસ્કોમાં કોન્સર્ટ હોલમાં થયેલા હુમલા માટે રશિયાએ ફરી એકવાર યુક્રેનને જવાબદાર ઠેરવ્યું છે. રશિયન તપાસકર્તાઓએ ગયા સપ્તાહના અંતે એક નિવેદન જારી કર્યું હતું કે, હુમલાખોરોના ફોનમાંથી એક યુક્રેનિયન ધ્વજની તસવીર મળી હતી. જોકે, આપણે કદાચ ક્યારેય જાણી નહીં શકીએ કે ગયા મહિને મોસ્કોના ક્રોક્સ મોલમાં થયેલા આતંકવાદી હુમલાનો માસ્ટરમાઇન્ડ કોણ હતો.

હુમલો એટલો ઘાતકી હતો કે, બાળકોને જાણી જોઈને નિશાન બનાવાયા હતા. લોકોના ગળા કાપી નખાયા હતા અને ISIS શૈલીમાં મૃતદેહોને વિકૃત કરાયા હતા. આશ્ચર્યની વાત એ છે કે, તમામ હુમલાખોરોને જીવતા પકડી લેવાયા હતા અને તેઓ ગંભીર રીતે ઘાયલ થયા ન હતા. તેઓ બધા તાજિક મૂળના હતા અને તેઓ તેમના વિઝાને ઓવરસ્ટે કરીને ગેરકાયદેસર રીતે રશિયામાં રોકાયા હતા. તેમાંથી કોઈની પાસISIS સાથે સંકળાયેલા સૂત્રો અને બેનરો અથવા આર્મબેન્ડ જેવી વસ્તુઓ નહોતી. જે ચેનલોએ દાવો કર્યો હતો કે, હુમલો ISIS દ્વારા કરાયો હતો, તે પશ્ચિમી ચેનલો હતી. તેમણે ખાસ કરીને રેખાંકિત કર્યું કે, અમેરિકાએ મહિનાઓ પહેલા રશિયાને ચેતવણી આપી હતી કે ISIS નજીકના ભવિષ્યમાં ત્યાં કોઈ હુમલો કરી શકે છે. પરંતુ રશિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન મેદવેદેવે કહ્યું કે, હુમલા પાછળ યુક્રેનનો હાથ છે. આખરે પુટિને પણ હુમલા પાછળ યુક્રેનનો હાથ હોવાનો આરોપ લગાવ્યોછે, શું આ રશિયાનું જ ખોટું ફ્લેગ ઓપરેશન હોઈ શકે છે? તેની શક્યતાઓને નકારી શકાય તેમ નથી. મોસ્કોમાં ૧૯૯૯માં પણ એપાર્ટમેન્ટ બોમ્બ વિસ્ફોટમાં ૩૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો હતો, જેના માટે ચેચન આતંકવાદીઓને જવાબદાર ગણાવાયા હતા. પરંતુ આ માટે ક્યારેય કોઈ પુરાવા અપાયા નથી. રશિયાએ ચેચન્યા પર આક્રમણ કર્યું હતું. આ લાંબું અને લોહિયાળ યુદ્ધ દસ વર્ષ પછી વિસ્તારના સંપૂર્ણ વિનાશ અને પુનઃનિર્માણ સાથે સમાપ્ત થયું હતું. રશિયનો દ્વારા આરોપિત વ્યક્તિ અચેમેઝ


ગોચિયાયેવ હતો, જે મુસ્લિમ હતો પરંતુ ચેચન નહોતો. તે કરીના જાતિનો હતો. થોડાં વર્ષો પછી તે પણ રહસ્યમય રીતે ગાયબ થઈ ગયો અને ત્યારથી તેના વિશે ક્યારેય સાંભળ્યું નથી. એવી અટકળો હતી કે, બોમ્બ એફએસબી દ્વારા જ પ્લાન્ટ કરાયા હતા, જેનું નેતૃત્વ પુટિને થોડા મહિના પહેલા સુધી કર્યું હતું.

# ક્ષમા વીરસ્ય ભૂષણમ્ - આ ભીમ અને હનુમાનને જ શોભે

અન્વેષણ - C.A. પરેશ ભટ્ટ

હમણાં એક પ્રસંગ બનેલો એક ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ પાસે ગાડી ઉભી રાખી દુકાને કોઈ વસ્તુ લેવા ગયો. આ સમયે અગિયારમું કે બારમું ભણતા યુવાનો વચ્ચે મારા મારી થઈ એમાં એક બે દુબળા પતલા યુવાનોને ચારપાંચ યુવાનોનએ ધોલ થપાટ મારી. પેલા દુબળા પતલા યુવાનો આમ પણ કંઇ કરી શકે એમ ન હતા. પેલા મારીને જતા રહ્યા એટલે કહે આપણે આવા લોકોની જોડે થોડી માથાકૂટ કરાય ! ફરગીવ ધેમ - માફ કરી દો તેમને. અરે ભાઈ તારી પાસે બીજો ઓપશન પણ ક્યાં છે ?

આજે ઘણા લોકો એમ કહે કે પૈસા પૈસા શું કરવાનું ? આટલું છે એટલે ઘણું , પણ ભાઈ વધારે કમાવાની ત્રેવડ પણ નથી પછી કહે શું ? અભાવો બ્રહ્મચર્યશ્ચ ઘરવાળી મળતી નથી એટલે બ્રહ્મચારી છે. સંસારમાં કોઈ ભાવ પૂછતું નથી એટલે સંન્યાસ લે છે એ સંન્યાસીની કોઈ કિંમત નથી.ત્યાં કોઈ સંઘરતા નથી એટલે અહીં સન્યાસમાં આવ્યો છે. આજે ઘણા સિનિયર સીટીઝન મંદિરમાં કે ટ્રસ્ટમાં સેવા આપે અને કહે રીટાયરમેન્ટ લાઈફમાં કંઈ પુણ્યનું કામ કરીએ પણ હકીકતે તેમને ઘરે કોઈ સંઘરતું નથી એટલે પરાણે અહીં આવીને સેવા કરે છે. ઘરના કહે કે તમે ઘરની બહાર જાવ તો નડતા બંધ થાવ અમને કઈ કામ સુઝે. આવા લોકોની સેવાને કોઈ કિંમત નથી. આવા માયકાંગલા,નમાલા કે પરાણે સેવાધારી કે બ્રહ્મચારીની કિંમત નથી.



બધી જ તાકાત હોય છતાં પણ જે ત્યાગ કરે છે એ ત્યાગને સુગંધ છે કિંમત છે. બાકી દ્રાક્ષ ખાટી છે એમ કહેનારા શિયાળને ઉપરવાળો ઓળખે જ છે.

ભીમ અને હનુમાન ઉપર કોઈ વાર કરે અને તેને માફ કરી દે તો તે માફીને કિંમત છે. આપણને એમ છે કે ભીમ એટલે ખૂબ ખાય અને ખૂબ મલ્લ યુદ્ધ કરે. પરંતુ ભીમની પ્રકૃતિ લડવાની હતી જ નહીં. જ્યારે જ્યારે પ્રસંગ આવ્યો છે ત્યારે ભીમ ન છુંટકે જ લડ્યો છે. દ્રૌપદી જ્યારે સૌરેંધરી તરીકે કામ કરતી હતી અને કિચક તેને હેરાન કરતો હતો ત્યારે ભીમ સિવાય એ કોઈને ફરિયાદ કરી શકે એમ ન હતી ત્યારે ભીમ કહે છે તેને કે તું એને સમજાવીને પ્રશ્ન ઉકેલ હું લડી લડીને થાકી ગયો છું. ભીમની પાસે રસોઈ ઉપરાંત રાજા મલ્લ યુદ્ધ ખૂબ કરાવતા હતા. આથી ભીમ કહે છે મને હવે લડવાની ઈચ્છા નથી. આમ છતાં કોઈ ઉકેલ ન આવતા, ના છૂટકે ભીમે કિચકને માર્યો છે. બાકી ભીમે ઘણા બધા લોકોને માફ કરી દીધા છે. ભીમની પ્રકૃતિ ઋજુ હૃદયની હતી. લડવું એ તેની પ્રકૃતિ વિરુદ્ધ હતું. આથી જ ન ગમતા કામની દાઝ ઉતારવા એ જે વ્યક્તિ સાથે લડવાનું બનતું ત્યારે તેના છોતરા કાઢી નાખતો.

આજ રીતે હનુમાનની પ્રકૃતિ પણ આવી જ હતી. મૂળ તો એ પણ ભીમના મોટાભાઈ જ. તેઓને પણ ન છૂટકે લડવું પડતું ત્યારે જ લડતા. આવા લોકો કોઈને માફી આપે તેની કિંમત હોય. નમાલા લોકોની માફીને થોડી કોઈ કિંમત છે ?. સતર વખત મથુરાને જીતાડયા બાદ કૃષ્ણ રણ છોડીને ભાગે તો તેને લોકો રણછોડરાય કી જય કહે. બાકી અન્ય લોકો ભાગે તો કાયરનું જ બિરુદ મળે !

શૌર્યવાન લોકોની માફીને કિંમત હોય. શ્રીમંત લોકોની સાદગીને કિંમત હોય. મુકેશભાઈ તેમને ત્યાં પ્રસંગે પોતે પીરસે તે સાદગીને નમ્રતાની વાતો થાય બાકી ભૂરાને ત્યાં લગ્ન હોય અને પીરસવાવાળા રાખવાની ત્રેવડ ન હોય અને પીરસે તો લોકો તેની નોંધ પણ ન લે.

અહીં એક પાતળી ભેદ રેખા પણ છે કે સાદગીનું નાટક છે કે હૃદયપૂર્વકની સાદગી છે એ પણ સમજવું જરૂરી છે. આજકાલ ચૂંટણીનો માહોલ છે એટલે ઘણા નેતાઓ સાદગીના નાટકો કરશે. રસ્તાઓ સાફ કરશે અરે ગરીબોના છોકરાઓ પણ સાફ કરશે. આવા વીડિયો પણ બધાએ જોયા છે. આથી જ જે સાદગી પાછળ કોઈ સ્વાર્થ સાધવાનો હેતુ છે એ સાદગી નથી પણ નાટક છે. એ જ રીતે કોઈ વિરોધ પક્ષ કોઈ કૃત્ય કરે છે જે માફી યોગ્ય નથી છતાં માફ કરે છે એ તેમનું ઔદાર્ય નથી પણ પોલિટિકલ ગેમ છે. આવી માફી ટેમ્પરરી હોય છે એક વખત ચૂંટણી પુરી થાય એટલે વળતો દાવ લઈ જ લેતા હોય છે તો આ ટેમ્પરરી માફીની પણ કોઈ કિંમત નથી.

આથી જ પાત્રતા કે ક્ષમતા ઉભી કર્યા બાદ શું કૃત્ય કરીએ છીએ, એ કૃત્ય પાછળનો હેતુ શું છે ? એ જાણ્યા પછી જ એ કૃત્યની કિંમત નક્કી થતી હોય છે.

# રેલ્વે સ્ટેશનો પર હવે મળશે સસ્તા ભાવે લોટ અને ચોખા

## પ્રોજેક્ટ હેઠળ પસંદગીના સ્ટેશનો પર યોજના શરૂ કરી

કરંટ ટોપિક




ટ્રેન દ્વારા મુસાફરી પૂરી પાડવા ઉપરાંત ભારતીય રેલવે દેશમાં બીજી નવી પહેલ શરૂ કરી છે હવે તમને રેલવે સ્ટેશન ઉપર ટિકિટ ઉપરાંત રાશન સામગ્રી પણ મળશે. ભારતીય રેલવે ત્રણ મહિના માટે પાયલટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. મોંઘવારી પર અંકુશ મેળવવા માટે કેન્દ્ર સરકારે ભારત બ્રાન્ડ હેઠળ સસ્તા ભાવે લોટ અને ચોખા ઉપલબ્ધ કરાવ્યા છે. હવે ભારતીય રેલ્વેએ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ પસંદગીના સ્ટેશનો પર લોટ અને ચોખા પ્રદાન કરવાની યોજના શરૂ કરી છે.

આ પાયલટ પ્રોજેક્ટ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા સસ્તા ભાવે લોટ અને ચોખા આપવામાં આવશે. આ સમગ્ર સિસ્ટમ પર એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ચીફ કમર્શિયલ મેનેજર દ્વારા દેખરેખ રાખવામાં આવશે વેચાણની જવાબદારી એક એજન્સીને સોંપવામાં આવશે આ એજન્સી ત્રણ મહિના સુધી વેચાણનું કામ કરશે એમ એક મીડિયા રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે.

કેટલાક મહિનાઓ પહેલા લોકોને મોંઘવારીથી બચાવવા માટે કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રાલયે ભારત બ્રાન્ડ ચોખા અને લોટનું વેચાણ શરૂ કર્યું હતું, જેમાં ભારત બ્રાન્ડ લોટનો ભાવ ૨૭.૫૦ રૂપિયા પ્રતિ કિલો અને ભારત બ્રાન્ડ ચોખાનો ભાવ ૨૯ રૂપિયા પ્રતિ કિલો રાખવામાં આવ્યો હતો. રેલ્વે સ્ટેશન ઉપર પણ હવે આ જ લોટ અને ચોખા વેચવાની તૈયારીઓ કરવામાં આવી છે.

હાલમાં લોટ અને ચોખા ત્રણ મહિના માટે વેચવામાં આવશે અને જો આ યોજના સફળ થશે તો તમામ સ્ટેશનો પર તેનો વેચાણ શરૂ કરવામાં આવશે. જે સ્ટેશન પર તેનું વેચાણ કરવામાં આવશે ત્યાં સાંજે એક વાન પાર્ક કરવામાં આવશે જેમાંથી લોટ અને ચોખાનું વેચાણ કરવામાં આવશે. સાંજે માત્ર બે કલાક મોબાઈલ વાન દ્વારા માત્ર ભારત આટા અને ભારત ચોખાનું વેચાણ કરવામાં આવશે. આ પછી મોબાઈલ વાન સ્ટેશન પરિસરથી રવાના થશે. વિક્રેતાઓ મોબાઈલ વાન પર માત્ર બેનર લગાવી શકશે. તેઓ કોઇ જાહેરાત નહીં કરી શકે.

જાણવા મળ્યા મુજબ શરૂઆતમાં આ સુવિધા ૫૦૫ રેલવે સ્ટેશન ઉપર શરૂ કરવામાં આવશે, જેમાં લખનઊ, ગોરખપુર, છપરા, બનારસ સહિત ઘણા સ્ટેશનો સામેલ છે.દિલ્હી-મુંબઈ જેવા મહાનગરોમાં લોકો પાસે સમય ઓછો છે. સવારે ઘરેથી ઓફિસ જવામાં અને સાંજે ઓફિસથી પાછા ફરવામાં ઘણો સમય પસાર થાય છે. આવી સ્થિતિમાં લોકો સ્ટેશનની આસપાસથી શાકભાજી ખરીદે છે. હવે તેઓ રેલ્વે સ્ટેશન પરથી જ સસ્તા દરે ચોખા અને લોટ ખરીદી શકશે.

દેશભરમાં જ્યારે ટામેટા અને ડુંગળીના ભાવ આત્માને પહોંચ્યા હતા ત્યારે ડુંગળી અને ટામેટા પણ ભારત બ્રાન્ડ હેઠળ વેચાતા હતા. બજારમાં ખાદ્ય ચીજવસ્તુઓની વધતી જતી કિંમતોને કારણે સરકાર લોકોને “ભારત બ્રાન્ડ”ના નામથી વાજબી ભાવે લોટ, ચોખા અને કઠોળ પુરી પાડી રહી છે. સરકારની આ વ્યવસ્થાથી મધ્યમ વર્ગના લોકોને રાહત મળી રહી છે.

# લોકસભાની ભાવનગરની બેઠકનો અનોખો ઇતિહાસ

## ભારતીબહેન શિયાળ ભાવનગર બેઠક પરથી ચૂંટાયેલાં પ્રથમ મહિલા સાંસદ છે હવે નીમુબહેન બાંભણિયા બીજાં મહિલા સાંસદ બનશે, રાજુભાઈ રાણા સતત છ વખત ભાવનગરના સાંસદ બન્યા, ભાવનગર લોકસભા બેઠક પર સૌપ્રથમ વખત ૧૯૮૦માં કોંગ્રેસના ઉમેદવાર ગીગાભાઈ ગોહિલ વિજેતા થયા હતા







ચૂંટણી આમ જનતા માટે રસનો વિષય છે જેને રાજકારણ સાથે કોઈ જ લેવા દેવા નથી એવા લોકો પણ કલાકો સુધી ચર્ચાઓ કરે છે અને પોતે કંઈક જાણે છે. કેમ સામી વ્યક્તિ પોતાનું રાજકીય જ્ઞાન પીરસે છે અને આનંદ અનુભવાય છે ભાવનગરમાં મોટાભાગના સિનિયર સીટી જમીન નવરાશના સમયે રાજકારણનું જ્ઞાન પ્રાપ્ત કરે છે અને તેનો લાભ બીજાને આપે છે આમાંથી ઘણા લોકો અભ્યાસ પણ કરે છે અને એનાલિસિસ પણ કરે છે ભાવનગર ની બેઠકની રાજકારણ અનોખું છે તેનો ઇતિહાસ પણ અનોખો છે આ વખતની વાત કરીએ તો

ભાવનગર લોકસભા બેઠકથી ભાજપે બે ટર્મથી સાંસદ ડો. ભારતીબહેન શિયાળની ટિકિટ કાપીને પક્ષનાં જ સિનિયર મહિલા નેતા નીમુબહેન બાંભણિયાને ટિકિટ આપી છે. ભાવનગરમાં ચર્ચા ચાલી રહી છે.

જ્યારે સામે પક્ષે બોટાદના આમ આદમી પાર્ટીના વર્તમાન ધારાસભ્ય ઉમેશ મકવાણાને ટિકિટ અપાઈ છે. અહીં કોંગ્રેસ અને આપ સંયુક્ત રીતે ચૂંટણી લડી રહ્યાં છે. ડો. ભારતીબહેનની જેમ નીમુબેન પણ તળપદા કોળી સમાજમાંથી આવે છે, જેના ભાવનગર લોકસભા બેઠકમાં ૪૨ ટકાથી વધુ મતદારો છે.

બે દાયકા કરતાં વધુ સમયથી ભાજપ સાથે જોડાયલાં નીમુબેન બાંભણિયાએ પક્ષ વતી વિવિધ જવાબદારી નિભાવી છે. તેમણે બે ટર્મ ભાવનગરનાં મેયર તરીકે પણ કામ કર્યું છે. પક્ષનાં જૂનાં નેતા નીમુબહેન બાંભણિયાબી.એસ.સી. અને બી.એડ.ની ડિગ્રી ધરાવતાં નીમુબહેન બાંભણિયા વ્યવસાયે શિક્ષકા હતાં.

ભાવનગરના રાજકરણને એક નવી દિશા આપનાર નિમુબેન ''૨૨ વર્ષ પહેલાં ભાજપમાં જોડાયાં હતા અને ત્યાર બાદ તેમણે સતત પક્ષમાં વિવિધ જવાબદારીઓ નિભાવી છે. સંગઠનમાં અને મહિલા મોરચામાં કામ કરવા ઉપરાંત તેઓ જિલ્લા પ્રભારી અને ચૂંટણી નિરીક્ષક તરીકેનો ચાર્જ પણ તેમણે સંભાળ્યો છે.''

તળપદા કોળી સમાજમાં પણ અલગઅલગ કાર્યો તેઓ કરતાં રહે છે. ૨૦૧૧થી ૨૦૧૬ સુધી તેમણે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના ડિરેક્ટર તરીકે પણ કામ કર્યું છે. હાલ તેઓ જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રભારી તરીકેની જવાબદારી નિભાવી રહ્યાં છે.

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

નીમુબહેનનું કામ ઘણું સારું છે લોકોના પ્રસંગે ઉકેલો આમાં તેને પ્રયાસો કર્યા છે અને તેમાં સફળતા પણ મેળવી છે આથી તેઓ ભાવનગરની બેઠક પરથી ૧૦૦% જીતે એવી શક્યતાઓ ભાજપના એક અગ્રણી રાકેશભાઈ અજવાળીયાએ વ્યક્ત કરી છે.

બીજી મહત્વની વાત એ છે કે આ પહેલા ભાવનગરમાં મહિલા સાંસદ ડોક્ટર ભારતીબેન શિયાળ બન્યા હતા તેમણે ભાવનગર માટે ઘણા સારા કાર્ય કર્યા છે

''ડો. ભારતીબહેન શિયાળ ભાવનગર ના પ્રશ્નો માટે સતત જાગૃત રહ્યા હતા. રેલવે તેમજ એરપોર્ટના પ્રશ્નો પણ તેમણે સફળતાપૂર્વક ઉકેલ્યા છે.

ભારતીબેને ભાવનગર શહેરના વિકાસ માટે સારો રસ લીધો છે ઘણા પ્રશ્નો ઉકેલ્યા જ છે અને હજુ પણ તેઓ લોકોના પ્રશ્નો ઉકેલવામાં પૂરો રસ ધરાવે છે પક્ષના એક સારામાં સારા મહિલા કાર્યકર છે અને સારા સહયોગી છે પરંતુ પક્ષની અંદર કેટલાક લોકોની નારાજગી હોવાથી તેમને રિપ્લેસ કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે.

લોકસભા ચૂંટણીમાં ભાવનગર બેઠકનું ગણિત શું છે? તે જાણવા જેવું છે ભાવનગર (લોકસભા બેઠક નંબર-૧૫) બેઠકમાં તળાજા, પાલિતાણા, ભાવનગર ગ્રામીણ, ભાવનગર પૂર્વ, ભાવનગર પશ્ચિમ, ગઢડા તથા બોટાદ વિધાનસભા બેઠકોનો સમાવેશ થાય છે. ૨૦૦૯ પછી ભાવનગર લોકસભા બેઠકના સીમાંકનમાં ફેરફાર કરવામાં આવ્યા હતા, જેમાં ભાવનગરની લોકસભા બેઠકમાંથી મહુવા અને ગારિયાધારને બાદ કરી દેવામાં આવ્યા હતા. બોટાદ અને ગઢડાને ભાવનગરની લોકસભા બેઠકમાં સમાવવામાં આવ્યા છે જ્યારે મહુવા અને ગારિયાધાર વિધાસભા બેઠકોને અમરેલીની લોકસભા બેઠકમાં સમાવવામાં આવી છે.

ગુજરાત રાજ્ય ચૂંટણીપંચ અનુસાર ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાવનગર બેઠકમાં ૯,૧૯,૮૮૩ પુરુષ, ૮,૪૭,૧૨૨ મહિલા અને ૩૫ અન્ય સહિત કુલ ૧૭,૬૭,૦૪૦ મતદાતા નોંધાયા હતા.

૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે મહિલા ઉમેદવાર ડો. ભારતીબહેન શિયાળને ભાવનગર બેઠકથી ઉમેદવાર બનાવ્યાં હતા. ૨૦૧૪માં તેમણે કોંગ્રેસના પ્રવીણ રાઠોડને પરાજય આપ્યો હતો. ૨૦૧૯ની ચૂંટણીમાં કોંગ્રેસના મનહર પટેલને ૨૯૫૪૮૮ મતોથી હરાવ્યા હતા.

ડો. ભારતીબહેન શિયાળ આ બેઠક પરથી ચૂંટાયેલાં પ્રથમ મહિલા સાંસદ છે. હવે જો નીમુબહેન બાંભણિયા ચૂંટાય તો બીજાં મહિલા સાંસદ બનશે.

ભાજપે છ વાર ચૂંટણી જીતી અને બેઠક ભાજપ પાસે જ રહી ભાવનગર લોકસભા બેઠક પર સૌપ્રથમ વખત ૧૯૮૦માં કોંગ્રેસના ઉમેદવાર ગીગાભાઈ ગોહિ?લ વિજેતા થયા હતા.

ત્યાર બાદ ૧૯૮૪માં પણ ફરી એક વખત ગીગાભાઈ ગોહિ?લે ભાવનગરનું લોકસભામાં પ્રતિનિધિત્વ કર્યું હતું. પછીની ૧૯૮૯ ચૂંટણીમાં ગીગાભાઈ ગોહિ?લના સ્થાને તેમના સંબંધી શશિકાંતભાઈ જમોદને કોંગ્રેસે ટિકિટ ફાળવી અને તેઓ પણ ચૂંટાઈ આવ્યા હતા.

ભાજપે પ્રથમ વખત ભાવનગર બેઠક ૧૯૯૧માં જીતી હતી અને ત્યાર બાદ આ બેઠક સતત ભાજપ પાસે જ રહી છે. ભાજપે છ વખત આ બેઠક જીતી છે અને છએ છ વખત ક્ષત્રિય ઉમેદવાર વિજેતા થયા છે. જેમાં એક વખત ડો. મહાવીરસિંહ ગોહિલ અને પાંચ વખત રાજુભાઈ રાણા, તો ૨૦૧૪માં ભાજપમાંથી કોળી ઉમેદવાર ડો. ભારતીબહેન શિયાળ વિજેતા થયાં હતાં. ભાવનગર લોકસભાની આ બેઠક રાષ્ટ્રદ્વ ઇતિહાસ ધરાવે છે અહીં ભાજપનો દબદબો રહ્યો છે અને કાયમ રહેવાનો છે

# ગુજરાત ટાઈટન્સે રોમાંચક મેચમાં રાજસ્થાન રોયલ્સને ૩ વિકેટે હરાવ્યું



## આ સિઝનમાં રાજસ્થાનની આ પ્રથમ હાર, પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને ૧૯૬ રન બનાવ્યા હતા

મુંબઇ,
ગુજરાત ટાઈટન્સે રોમાંચક મેચમાં રાજસ્થાન રોયલ્સને ૩ વિકેટે હરાવ્યું હતું. આ સિઝનમાં રાજસ્થાનની આ પ્રથમ હાર છે. પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને ૧૯૬ રન બનાવ્યા હતા. જવાબમાં ગુજરાતે ૭ વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી હતી. છેલ્લા બોલ પર ટીમે મેચ જીતી લીધી હતી. રાજસ્થાન તરફથી સંજુ સેમસને ૬૮ રનની અણનમ ઈનિંગ રમી હતી. રિયાન પરાગે ૭૬ રન બનાવ્યા હતા. આ દરમિયાન ગુજરાત તરફથી ઉમેશ યાદવ, રાશિદ ખાન અને મોહિત શર્માએ એક-એક વિકેટ લીધી હતી.

ગુજરાતની જીતમાં રાશિદ ખાને મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે ૧૧ બોલમાં ૨૪ અણનમ રન બનાવ્યા હતા. રાહુલ તેવટિયાએ ૨૨ રન બનાવ્યા હતા. શુભમન ગિલે ૭૨ રનની ઈનિંગ રમી હતી. સાઈ સુદર્શને ૩૫ રન બનાવ્યા હતા.

# સંજય લીલા ભણસાલીની હીરામંડીનું ટ્રેલર સામે આવ્યું

મુંબઈ,
સંજય લીલા ભણસાલીની ફિલ્મ હીરામંડીને લઈને ઉત્સાહનો માહોલ છે. તે ભારતમાં બનેલી અત્યાર સુધીની સૌથી મોંઘી વેબ સિરીઝ માનવામાં આવે છે. આ સીરીઝનું પોતાનું હિસ્ટોરિકલ બેકગ્રાઉન્ડ છે અને સંજય લીલા ભણસાલી હંમેશા આવા પ્રોજેક્ટ્સમાં નિષ્ણાત રહ્યા છે. હવે તેની વેબ સિરીઝ આવવાની છે. ઘણા સમયથી ચર્ચા હતી કે તેનું ટ્રેલર રિલીઝ થઈ શકે છે. હવે નિર્માતાઓએ પોતે જ ખુલાસો કર્યો છે કે આ ફિલ્મનું ટ્રેલર ક્યારે રિલીઝ થશે. નેટફ્લિક્સ અને ભણસાલી પ્રોડક્શન્સે હવે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા જાહેર કર્યું છે કે જ્યારે હીરામંડીનું ટ્રેલર આવી રહ્યું છે. સીરીઝનું પોસ્ટર શેર કરતી વખતે મેકર્સે





લખ્યું – સંજય લીલા ભણસાલીની પ્રથમ વેબ સીરીઝ હીરામંડી – ધ ડાયમંડ બજારનું ટ્રેલર આજે એટલે કે ૦૯ એપ્રિલે રિલીઝ થવા જઈ રહ્યું છે. જેમાં હીરામંડીના સુંદર અને લક્ઝુરિયસ સેટ બતાવવામાં આવશે.

# આ મારી છેલ્લી આઇપીએલ સિઝન છે આરસીબીના દિગ્ગજ ખેલાડી દિનેશ કાર્તિક

મુંબઇ,
આઈપીએલ ૨૦૨૪ની શરૂઆત રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે ખૂબ જ ખરાબ રહી છે. ફાફ ડુ પ્લેસિસની આગેવાની હેઠળની રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે આ આઈપીએલ સિઝનમાં અત્યાર સુધી કુલ ૫ મેચ રમી છે, પરંતુ તે માત્ર એક જ મેચ જીતવામાં સફળ રહી છે. આવી સ્થિતિમાં ફરી એકવાર આરસીબી પ્લેઓફમાંથી બહાર થાય તેમ લાગી રહ્યું છે.આરસીબી હાલમાં ૫માંથી એક જીત સાથે પોઈન્ટ ટેબલમાં નવમા સ્થાને છે. આવી સ્થિતિમાં આરસીબીના એક અનુભવી



ખેલાડીએ તેના ચાહકોને મોટો ઝટકો આપ્યો છે. આરસીબીના દિગ્ગજ ખેલાડીએ જાહેરાત કરી છે કે આ તેની છેલ્લી આઈપીએલ સિઝન છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના દિગ્ગજ ખેલાડી દિનેશ કાર્તિકે પોતાના નિવેદનથી બધાને ચોંકાવી દીધા છે. અત્યારે પણ જ્યારે આરસીબીને રનની જરૂર હોય છે ત્યારે ચાહકો તેને યાદ કરે છે. પરંતુ હવે દિનેશ કાર્તિકે આઈપીએલમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. કાર્તિકના આ નિર્ણયથી માત્ર ફ્રેન્ચાઈઝીને જ ઝટકો નથી લાગ્યો પરંતુ તેના લાખો ચાહકોને પણ ઝટકો લાગ્યો છે. દિનેશ કાર્તિકે ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન નાસિર હુસૈન સાથે વાતચીત દરમિયાન કહ્યું કે, “આ મારી છેલ્લી આઈપીએલ સિઝન છે.

# ટાઈગર શ્રોફ અને દિશા પટની વચ્ચે પેચઅપ થયું ? અભિનેતાએ ખુલાસો કર્યો

મુંબઇ,
આ દિવસોમાં બોલિવૂડ એક્ટર ટાઈગર શ્રોફ અને અક્ષય કુમાર તેમની આગામી ફિલ્મ બડે મિયાં ઔર છોટે મિયાંના પ્રમોશનમાં વ્યસ્ત છે. આવી સ્થિતિમાં ટાઈગર શ્રોફે પહેલીવાર પોતાના રિલેશનશિપ સ્ટેટસ વિશે ખુલીને વાત કરી અને ઘણા મોટા ખુલાસા પણ કર્યા.

ટાઈગર શ્રોફનું નામ ઘણીવાર દિશા પટણી સાથે જોડાય છે. ભલે તેમનો સંબંધ સમાપ્ત થઈ ગયો હોય, પરંતુ ચાહકો હજી પણ આ જોડીને સાથે જોવાનું પસંદ કરે છે. જો કે, બંનેએ ક્યારેય આ સંબંધને સ્વીકાર્યો ન હતો અને હંમેશા એકબીજાને નજીકના મિત્રો કહેતા હતા. હાલમાં જ અભિનેતાએ જણાવ્યું કે તે હાલમાં કોને ડેટ કરી રહ્યો છે.આ મુજબ જ્યારે ટાઈગર શ્રોફને પૂછવામાં આવ્યું કે શું તે સિંગલ છે? તમારું જીવન કઈ દિશામાં જઈ રહ્યું છે? આ પ્રશ્નનો જવાબ આપતા અભિનેતાએ કહ્યું, ‘મારી પાસે જીવનમાં એક જ દિશા છેપ અને તે છે મારું કામ. તમને જણાવી દઈએ કે આ પહેલા ફિલ્મ બડે મિયાં ઔર છોટે મિયાંના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં અક્ષય કુમારે ટાઈગર શ્રોફની મજાક ઉડાવી હતી



# રાજામૌલીની ૧૦૦૦ કરોડના બજેટની ફિલ્મમાં આમિરખાનની એન્ટ્રી થશે



મુંબઇ,
એસએસ રાજામૌલી અને મહેશ બાબુ દેશની સૌથી મોંઘી ફિલ્મ બનાવવા જઈ રહ્યાં છે. ૧૦૦૦ કરોડમાં બની રહેલી ફિલ્મમાં ખાસ રોલ માટે રાજમૌલીએ તેમને એપ્રોચ કર્યા છે. સાથે જ આને લઈને એક ગુપ્ત મુલાકાત કરી હોવાની વાત પણ સામે આવી રહી છે.

લાલ સિંહ ચઢ્ઢા ફિલ્મ ફ્લોપ થયા બાદથી આમિર ખાન મોટા પડદાથી દૂર છે. તેણે હજુ સુધી કોઈ ફિલ્મ સાઈન કરી નથી. પરંતુ હવે સમાચાર આવી રહ્યા છે કે આમિર ખાન દિગ્ગજ નિર્દેશક એસએસ રાજામૌલીની આગામી ફિલ્મનો ભાગ બની શકે છે. વાસ્તવમાં ઘણા સમયથી ચર્ચા ચાલી રહી છે કે આમિર રાજામૌલી અને મહેશ બાબુની આગામી ફિલ્મમાં વિલન બની શકે છે. જો કે, લાંબા સમય સુધી મેકર્સ અને આમિર તરફથી આ અંગે કંઈ કહેવામાં આવ્યું ન હતું, જેના કારણે એવું માનવામાં આવતું હતું કે આ એક અફવા છે. પરંતુ હવે આ ફિલ્મ સાથે જોડાયેલ લેટેસ્ટ અપડેટને કારણે આવી ચર્ચાઓ ફરી તેજ થઈ ગઈ છે.

એસએસ રાજામૌલી અને મહેશ બાબુ દેશની સૌથી મોંઘી ફિલ્મ બનાવવા જઈ રહ્યાં છે. હાલ આ ફિલ્મને એસએસએમબી ૨૯ નામ આપવામાં આવ્યું છે. હાલ ફિલ્મનાં પ્રોડક્શન પર કામ ચાલી રહ્યું છે. અહેવાલો અનુસાર, બાહુબલી ફેમ ડાયરેક્ટર રાજામૌલી અને આમિર ખાને થોડા દિવસો પહેલા મુંબઈમાં એક ગુપ્ત મુલાકાત કરી હતી. બંનેની આ ગુપ્ત મુલાકાત બાદ ફરી એવું કહેવામાં આવી રહ્યું છે કે આ મીટિંગ રાજામૌલી અને મહેશ બાબુની એસએસએમબી૨૯ માટે હતી. જો કે હજુ સત્તાવાર રીતે કંઈ પણ કહી શકાય તેમ નથી.

રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે કે રાજામૌલીએ એસએસએમબી ૨૯માં મહત્ત્વની ભૂમિકા માટે આમિર ખાનનો સંપર્ક કર્યો છે. જો આ સમાચાર સાચા હોય અને આમિર આ પ્રોજેક્ટનો ભાગ બને તો ચાહકોએ બીજી મોટી ફિલ્મ માટે તૈયાર થઈ જવું જોઈએ.

# મ્યાનમારમાં સેનામાં ભરતી ન થનાર યુવાનો જેલ ભેગા થઈ રહ્યા છે

મ્યાનમાર
મ્યાનમારમાં લશ્કરી બળવા બાદ સૈન્ય શાસનને ત્રણ વર્ષથી વધુ સમયગાળો થયા બાદ કેટલાક સવાલ થઈ રહ્યા છે. સમય વીતવાની સાથે જ લોકશાહીનું સમર્થન કરનાર લોકોને હેરાન કરવાનો સિલસિલો વધુ તીવ્ર બની રહ્યો છે. અલબત્ત સેનાની ક્રૂર કાર્યવાહીની સાથે જ તેને લઈને વિરોધ પણ વધી રહ્યો છે. ગ્રામીણ વિસ્તારોમાં બળવાખોરો સતત સેનાને પડકાર ફેંકી રહ્યા છે.આવી સ્થિતિમાં સેનાને કાર્યવાહી તીવ્ર કરવા માટે વધુ સૈનિકોની જરૂર છે. જેથી તે યુવાનોને સેનામાં સામેલ કરવા માટે ઈચ્છુક છે.જોકે યુવાનો સેનામાં સામેલ થવા માટે તૈયાર નથી. વિરોધ રોકવા માટે સેનાએ ફેબ્રુઆરીમાં આદેશ જારી કર્યો હતો. તે મુજબ ભરતી માટે ઇક્રાર કરનાર લોકોની ધરપકડ કરવા માટે ખાસ અભિયાન ચલાવવામાં આવશે. વિરોધ કરનાર યુવાનોને પાંચ વર્ષ સુધીની જેલની સજા કરવામાં આવશે.

# સલમાનની મજાક ઉડાવતા કોમેડિયન કુણાલ કામરા વિરુદ્ધ ઈન્દોરમાં પોલીસ ફરિયાદ

ઈન્દોર,
કોમેડિયન કુણાલ કામરા વિરુદ્ધ મધ્યપ્રદેશના ઈન્દોરમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મુંબઈના સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ફૈઝાન અંસારીએ અભિનેતા સલમાન ખાનની મજાક ઉડાવવા બદલ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફૈઝાન અંસારીએ પોલીસ કમિશનરને કામરા સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. ફૈઝાન અંસારીએ એમ પણ કહ્યું છે કે જો કુણાલ કામરા માફી નહીં માગે તો તે તેની સામે ૫૦ કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કરશે.

ઈન્દોર કમિશનરની ઓફિસમાં ફરિયાદ અરજી દાખલ કર્યા બાદ ફૈઝાન અંસારીએ કહ્યું કે કુણાલ કામરાએ સલમાન ખાન વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરી હતી અને ઈન્દોરમાં તેની મજાક ઉડાવી હતી. તેથી જ તેઓ પોતાની ફરિયાદ નોંધાવવા ખાસ કરીને મુંબઈથી ઈન્દોર નોંધાવી છે.

કુણાલ કામરા વિરુદ્ધ નોંધાયેલી ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, ‘સલમાન ખાન ઈન્દોરનો રહેવાસી છે. હાલમાં જ કોમેડિયન કુણાલ કામરાએ એક લાઈવ શોમાં તેની મજાક ઉડાવી હતી. આ દ્વારા તેમની છબીને ખરડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે જે કાયદા હેઠળ સજાપાત્ર ગુનો છે. તેથી તેમની સામે ૫૦ કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કરવામાં આવશે. સલમાન ખાન આ શહેરનો છે, તેથી લોકોને ખબર હોવી જોઈએ કે તેની ઈમેજ ખરાબ કરવા બદલ કેવા પ્રકારની સજા આપવામાં આવે છે.

# શૈલેષ લોઢા પછી ‘બબીતાજી’ તારક ‘મહેતા કા ઉલ્ટા ચશ્મા’ છોડશે?



મુંબઇ,
તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના કલાકારો એક પછી એક શોને છોડી રહ્યા છે. થોડા સમય અગાઉ તારક મહેતા એટલે કે શૈલેષ લોઢાએ શો છોડવાના સમાચાર આવ્યા હતા. પ્રશંસકો આ સમાચારમાંથી બહાર નીકળી શક્યા ન હતા કે વધુ એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. સૂત્રો મુજબ, બબીતાજી એટલે કે મુનમુન દત્તા પણ શોને અલવિદા કહી શકે છે.

મુનમુન દત્તાએ ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’થી ઘણી લોકપ્રિયતા મેળવી છે. દર્શકો તેને બબીતાજીના નામથી સારી રીતે ઓળખે છે. આવી સ્થિતિમાં, તેના શો છોડવાના સમાચારથી ચાહકો ચોક્કસપણે નિરાશ થશે. મુનમુનને બિગ બોસ ઓટીટીના નિર્માતાઓએ તેની બીજી સિઝનમાં ભાગ લેવા માટે સંપર્ક કર્યો છે. જોકે, જો અભિનેત્રી આ માટે સંમત થાય છે તો એવી શક્યતા છે કે તે શો છોડી શકે છે. મુનમુન દત્તા વિશેના આ સમાચાર સોશિયલ મીડિયા પર જંગલની આગની જેમ ફેલાઈ ગયા છે. જોકે, આ અંગે કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી.

શૈલેષ લોઢાએ થોડા સમય પૂર્વે જ ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ શોને અલવિદા કહી દીધું છે. શૈલેષ લોઢા શરૂઆતથી જ આ શો સાથે જોડાયેલા હતા અને તેમની અને જેઠાલાલની મિત્રતા જોવા જેવી હતી. હવે તે ‘વાહ ભાઈ વાહ’ શોને હોસ્ટ કરશે. તેણે તેનું શૂટિંગ પણ શરૂ કરી દીધું છે. આ શોમાં આવનાર કવિઓને તેમની પ્રતિભા દર્શાવવાનો મોકો મળશે.

# માત્ર ૯ લાખ રૂપિયામાં ૧૪૫ લોકોની હત્યા કરી

## રશિયન કોન્સર્ટ હોલ હુમલાખોરની કબૂલાત

મોસ્કો,
મોસ્કોમાં ભરચક કોન્સર્ટ હોલમાં હુમલો કરનાર આતંકવાદીઓએ માત્ર ૯ લાખ રૂપિયામાં ૧૪૫ લોકોની હત્યા કરી હતી. હુમલા બાદ આ આતંકીઓ યુક્રેન ભાગી જવાના હતા. આ માટે તેણે બે રસ્તા પસંદ કર્યા હતા. સરહદ પર એક વ્યક્તિ મળવા જઈ રહ્યો હતો જે આતંકવાદીઓને યુક્રેનની સરહદમાં પ્રવેશવા દેશે. કિવમાં તેને રોકડ રકમ ચૂકવવાની હતી. આતંકીઓએ ખુદ રશિયાની ફેડરલ સિક્યુરિટી સર્વિસ સમક્ષ આ વાતની કબૂલાત કરી છે. ગયા મહિને, ૨૨ માર્ચે, ચાર તાજિક નાગરિકોએ મોસ્કોના ક્રોકસ સિટી હોલમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો અને બિલ્ડિંગને આગ લગાવી દીધી. આ હુમલામાં લગભગ ૧૪૫ લોકો માર્યા ગયા હતા અને ૫૦૦ થી વધુ ઘાયલ થયા હતા. હુમલાખોરો યુક્રેન ભાગી જવાનો પ્રયાસ કરી



રહ્યા હતા ત્યારે તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ પછી, વધુ શકમંદોની પણ ધરપકડ કરવામાં આવી હતી, જેમાંથી મોટાભાગના તાજિક મૂળના હતા. મોસ્કો પરના હુમલાની જવાબદારી જેહાદી જૂથ ઈસ્લામિક સ્ટેટ ખોરાસન પ્રાંત અથવા ISIS દ્વારા લેવામાં આવી હતી, જોકે ફેડરલ સિક્યુરિટી સર્વિસના વડા, એલેક્ઝાંડરનું માનવું હતું કે આ હુમલામાં યુએસ, યુકે અને યુક્રેન પણ સામેલ હોઈ શકે છે. તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે આ દેશનો ઉપયોગ ઈસ્લામવાદીઓ માટે પ્રોક્સી તરીકે થઈ રહ્યો છે. એફએસબીના જણાવ્યા અનુસાર, સૈફુલ્લાહ મોસ્કોમાં હુમલો કરનારા આતંકવાદીઓનો હેન્ડલર હતો. આતંકવાદીઓ તેની સૂચનાનું પાલન કરી રહ્યા હતા. ક્ષજીમ દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં પણ આતંકી તેનો ઉલ્લેખ કરતો જોવા મળી રહ્યો છે. તેમના કહેવા પ્રમાણે, હુમલા બાદ આતંકીઓને યુક્રેન ભાગી જવા માટે કહેવામાં આવ્યું હતું. જ્યાં તેમને ૧૦ લાખ રુબેલ્સ એટલે કે અંદાજે ૯ લાખ રૂપિયા પ્રતિ વ્યક્તિ મળવાના હતા. હુમલાના આરોપીએ જણાવ્યું કે સૈફુલ્લાહે કહ્યું હતું કે યુક્રેનની સરહદે પહોંચો, ત્યાંથી અમે યુક્રેન પહોંચવામાં મદદ કરીશું. મોસ્કોમાં હુમલાના આરોપી આતંકવાદીઓને યુક્રેનની સરહદથી લગભગ ૧૪૦ કિમી દૂર રોકવામાં આવ્યા હતા. આરોપીએ જણાવ્યું કે તેને કારને યુક્રેન બોર્ડર પર મૂકવા અને પછી હેન્ડલરને આગળની સૂચનાઓ માટે કૉલ કરવા માટે રોકવા માટે કહેવામાં આવ્યું. રશિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુક્રેન સરહદ પર ચુયકોવકા અને સોપિચ ગામોની નજીક યુક્રેન સતત વિનાશક ગતિવિધિઓ કરી રહ્યું છે.

# 'બ્યુટીફાઇ' બાર્ટન પ્રોજેક્ટ અંતર્ગત ૧૯મીએ "અહેસાસ" મ્યુઝિકલ ઈવેન્ટ

## ભાવનગરના ગૌરવ સમી બાર્ટન લાયબ્રેરીના નવીનીકરણના લાભાર્થે હાર્દિક દવે અને નેહલ ગઢવી શબ્દ અને સ્વર દ્વારા કરશે જમાવટ






ભાવનગર, તા.૮

ભાવનગરની સ્થાપત્ય અને અલભ્ય પુસ્તકોની ધરોહર સમાન બાર્ટન લાયબ્રેરીમાં આધુનિક સુવિધા વધારવા અને નવીનીકરણ માટે ઈન્ટેક તથા સ્પર્શ ફાઉન્ડેશને અભિયાન હાથ ધર્યુ છે. આ અંતર્ગત તા.૧૯ને શુક્રવારે ઝવેરચંદ મેઘાણી ઓડિટોરીયમ ખાતે અહેસાસ સાંગીતીક કાર્યક્રમનું આયોજન થયું છે. આ કાર્યક્રમમાં સુખ્યાત ગાયક હાર્દિક દવે અને ભાવનગરના જ જાણીતા વક્તા નેહલ ગઢવી જમાવટ કરશે.

ઈન્ટેક તથા સ્પર્શ ફાઉન્ડેશન દ્વારા બ્યુટીફાઇ બાર્ટન લાયબ્રેરી માટે હાથ ધરેલા અભિયાનના ફંડ રેઈઝીંગ માટે આયોજીત અહેસાસ કાર્યક્રમ અંગે મીડિયાને માહિતી આપતા કુંવરીબા બ્રિજેશ્વરીદેવી અને સ્પર્શ ફાઉન્ડેશનના હર્ષા રામૈયાએ જણાવ્યું હતું કે, ૧૯ એપ્રિલને શુક્રવારે રાત્રે ૯ કલાકે ઝવેરચંદ મેઘાણી ઓડિટોરીયમ ખાતે આ કાર્યક્રમ યોજાશે. લીલા વર્લ્ડ વાઇડ આ કાર્યક્રમમાં ટાઇટલ સ્પોન્સર છે તો મુખ્ય સહયોગી તંબોલી કાસ્ટીંગ લિ. છે. સીલ્વર બેલ્સ, તનીષ્ક, મેસર્સ રણછોડભાઈ જીણાભાઈ ધોળકિયા, નીરવ અક્ષય ઓઝા પરિવાર, શ્રીજી ગાર્ડન રેસ્ટોરન્ટ સહિતનાનો સહયોગ મળ્યો છે. ડિઝીટલ પાર્ટનર તરીકે રનર, આઉટ ડોર પાર્ટનર પ્રોવેલ પબ્લિસિટી, તથા મેનેજમેન્ટ પાર્ટનર - સ્મોલ વન્ડર્સ આ કાર્યક્રમમાં સહયોગી છે.

બ્યુટીફાઇ બાર્ટન અંતર્ગત આયોજીત આ કાર્યક્રમના પ્રવેશપત્ર અને અનુદાન માટે મો.૯૮૨૪૯૨૨૧૫૯ ઉપર સંપર્ક કરી શકાય છે તેમ હર્ષા રામૈયાએ ઉમેર્યું હતું.

# પરપ્રાંતિય મહિલાનું અવસાન થતા સરદાર યુવા મંડળ અગ્નિસંસ્કાર વિધિમાં બન્યું મદદગાર



મધ્યપ્રદેશના ઈન્દોર જિલ્લાના વતની ભાવનગરમાં મજુરી કરી ગુજરાન ચલાવતા હતા તે મહિલાનું અવસાન થયું તેની સાથે તેનો દિકરો મહોબતસિંહ પવાર હતો પણ આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાથી અગ્નિસંસ્કાર વિધિના પૈસા ન હતાં. આવા સમયે સરદાર યુવા મંડળ-ભાવનગરના પ્રમુખ ભરત મોણપરા, યોગેશ દીયોરા, જીતુભાઈ પરમારે સેવાભાવથી શહેરના ગોરડ સ્મશાન ખાતે હિન્દુ રીત રિવાજ મુજબ અગ્નિ સંસ્કાર કરી આપ્યા હતાં. હાલના સમયમાં કોઈને સમય નથી તેમજ જ્ઞાતિવાદના ચક્કરમાં આમ લોકો જીવી રહ્યા છે ત્યારે કાયમી માટે નાત-જાતના ભેદભાવ વગર સરદાર યુવા મંડળ અગ્નિ સંસ્કાર કરી આપે છે.

# સરતાનપર શાળામાં વિદાય સમારોહ



સરતાનપર જોળ પ્રા.શાળામાં સરકાર દ્વારા ૬થી ૧૪ વર્ષની વય જૂથ પૂર્ણ કરનાર ધોરણ ૮નો અભ્યાસ પૂરો કરી માધ્યમિક શાળામાં ઉચ્ચ અભ્યાસ માટે જતાં વિદ્યાર્થિઓ માટે શાળાના આચાર્ય વજેરામ લાધવા દ્વારા વિદાય સમારંભ યોજવામાં આવેલ જેમાં ધોરણ આઠના ભાઈઓ અને બહેનો દ્વારા વિદાય કાર્યક્રમ યોજવામાં આવ્યો વિદ્યાર્થિઓ દ્વારા પોતાના અનુભવો જણાવી શાળામાં શિક્ષક ભાઈઓ અને બહેનો દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શન વિશે જણાવેલ કાર્યક્રમમા શાળાના જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક મહેશભાઈ પરમાર દ્વારા બાળકોને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષક ગીગાભાઈ દિહોરા દ્વારા સંચાનલ કરવામાં આવ્યું હતું શાળાના શિક્ષક ભાઈઓ અને બહેનો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# શામપરા (ખો) ગામે પુત્રના હાથે પીતાની હત્યા

**કળીયુગી પુત્રએ માર મારતા ઈજાગ્રસ્ત પિતાનુ સારવારમાં મોત, બનાવ હત્યામાં પરિણમ્યો : જમવાનુ બનાવવા બાબતે પુત્રએ માતા-પિતાને ધોકાના ઘા ફટકાતા સારવાર માંટે ખસેડાયા હતા**

ભાવનગર,તા.૧૧

ભાવનગર જિલ્લાના શામપરા (ખો) ગામે ચાર દિવસ પુર્વે દિકરાએ જમવાનુ બનાવવાની બાબતે માતા સાથે માથાકુટ કરતા પિતાએ પુત્રને ઢપકો આપ્યો હતો. જેને લઈ પુત્રએ ઉશ્કેરાઈ પિતા પર હુમલો કરી ધોકાના ઘા ફટકારી ગંભીર ઈજા પહોચાડતા તેઓને સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યા સારવાર દરમિયાન હોસ્પિટલ બિછાને પિતાએ રાત્રીના અંતિમ શ્વાસ લીધા હતા જેના પગલે પોલીસે હત્યાની કલમ ૩૦૨નો ઉમેરો કરી તપાસ હાથ ધરી હતી.

આ બનાવની જાણવા મળતી વિગતો અનુસાર ભાવનગરના છેવાડે આવેલા વરતેજ તાબેના શામપરા (ખોડીયાર) ગામે રહેતા નિમુબેન ટીડાભાઈ રાભડીયાએ વરતેજ પોલીસ મથકમાં તેના દિકરા ભરત ટીડાભાઈ રાફડીયા સામે ફરીયાદ નોંધાવી હતી કે, ગત તા. ૭.૪ના રોજ રાત્રીના તેના દિકરા ભરતે જમવાનું બનાવવા બાબતે તેઓ સાથે માથાકુટ કરતો હતો. જેથી તેના પતિ ટીડાભાઈ અરજણભાઈએ દિકરા ભરતને ઢપકો આપતા ભરતે અપશબ્દો આપતા તેને ટીડાભાઈએ અપશબ્દો આપવાની ના પાડતા ઉશ્કેરાઈ ભરતે તેઓ અને તેના પતિ ટીડાભાઈ અરજણભાઈ રાફડીયા (ઉ.વ. ૬૫) ઉપર હુમલો કરીને લાકડાના ધોકા વડે માર મારી ઈજા પહોંચાડી હતી. જેના પગલે પુત્રના હુમલામાં ઘવાયેલા ટીડાભાઈને ગંભીર હાલતે ભાવનગર સર.ટી. હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યા હતા.

દરમિયાન પુત્રના હુમલામાં ઘવાયેલા અને ભાવનગર સર.ટી.હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ટીડાભાઈ અરજણભાઈ રાફડીયા (ઉ.વ. ૬૫)એ બુધવારે રાત્રીના ૮.૩૦ દરમિયાન હોસ્પિટલ બિછાને અંતિમ શ્વાસ લેતા બનાવ હત્યામાં પરિણામ્યો હતો. આધેડના મૃત્યુના પગલે વરતેજ પોલીસે ગુનામાં આઈપીસી. ૩૦૨નો ઉમેરો કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરના રૂવાપરી સ્થિત પ્રાચીન બહુચરાજી મંદિરે અંબાજીથી લવાઈ અખંડ જ્યોત



ભાવનગર શહેરના રૂવાપરી ખાતે આવેલા બહુચર માતાના મંદિર ખાતે અંબાજીથી જયોત પ્રગટાવીને લાવીને પધરામણી કરવામાં આવી હતી, ભાવિકોએ ઉત્સાહભેર જયોતને આવકારવા સાથે સ્વાગત કર્યુ હતું. ૫૧ શકિતપિઠ પૈકી અંબાજી ખાતે ગબ્બરના ગોખમાંથી જયોત પ્રગટાવીને ભાવનગરમાં લાવવામાં આવતા ભાવિકોમાં અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો.

# ઘોઘા ખાતે ગોહિલવાડ રાજપૂત સમાજ દ્વારા બે મહાપુરુષોના ત્યાગ-બલિદાનની તિથિની ઉજવણી



ઘોઘા, તા.૧૧

વીર મોખડાજી ગોહિલની ૬૭૭મી નિર્વાણ દિન તેમજ ભાવનગરના નેક નામદાર મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહિલની ૫૯મી તિથિની વિશિષ્ટ આયોજન અને ઉજવણી સાથે વરતેજ પરિષદ ૧૯૨૪ની શતાબ્દી વંદના વર્ષની પણ ઉજવણી કરાઈ હતી. ગોહિલવાડ રાજપૂત સમાજ દ્વારા વર્ષો જુની પરંપરાગત રીતે ચૈત્ર સુદ એકમના રોજ ભાવનગર પાસેના ઘોઘા ગામ ખાતે ગોહિલવાડ વંશના આદી વંશજો વિર પુરુષ મોખડાજી ગોહિલ તથા નેક નામદાર મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ ગોહિલવાડ માટે કરેલા ત્યાગ અને વિર પુરુષ મોખડાજી ગોહિલે જે વિરતા ભર્યું બલીદાન આપ્યું હતું તેની શૌર્યતાના પાસાને ઉજાગર કરતા કાર્યક્રમનું ઘોઘા ખાતે સુંદર આયોજન કરવામાં આવેલ હતુ.

આ બંને મહાનુભાવોને રાજપુત સમાજના લોકો દ્વારા ભાવાંજલિ આપવામાં આવી હતી. એ સાથે ત્યાગ-બલિદાનની પૂજા કરવામાં આવી હતી. સ્વતંત્ર ભારતના એકીકરણ કરવા માટે સરદાર વલ્લભભાઈ પટેલને સૌ પ્રથમ પોતાનું રાજ્ય અર્પણ કરી દેનાર પ્રજા વત્સલ મહારાજા કૃષ્ણકુમારસિંહજીને પણ યાદ કરી ભાવભરી અંજલિ અર્પણ કરવામાં આવેલ હતી. તેઓને પછી મદ્રાસના ગવર્નર તરીકે પણ નિમવામાં આવેલ હતા.અને પગાર સ્વરુપે ટોકન એક રૂપિયો જ પગાર સ્વિકારતા હતા. આ કાર્યક્રમમાં રાજય અને અને નેશનલ લેવલે સિદ્ધિઓ હાંસલ કરનાર ક્ષત્રિય સમાજના તેજસ્વી તારલાઓને પણ શાલ અને પ્રશસ્તિ પત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ગોહિલ વંશજ ભાવનગરના યુવરાજ જયવીરરાજસિંહ ગોહિલ તેમજ વરિષ્ઠ રાજકીય સામાજીક આગેવાનો તથા ગોહિલવાડ રાજપૂત સમાજના પ્રમુખ વાસુદેવસિંહ ગોહિલના અધ્યક્ષ સ્થાને ક્ષત્રિય સમાજના આગેવાનો તેમજ સૌરાષ્ટ્ર ભરમાંથી રાજપૂત સમાજના ક્ષત્રિય ભાઈઓ અને બહેનોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી આ અવસરને દિપાવ્યો હતો.

# લંગાળા ગામમાં સાર્વજનિક પુસ્તકાલય અને વાંચન રૂમનો શુભારંભ

## બાળકો અને યુવાનોમાં સ્માર્ટ ફોનનું વળગણ વધ્યું છે ત્યારે પુસ્તક પ્રેમ વધારવા કરાઈ પહેલ





ભાવનગર, તા.૧૧

લંગાળા ગામના શિક્ષિત યુવાઓના સાહસ અને પ્રયત્નો થકી સમસ્ત લંગાળા ગામના વડીલોના શુભાશિષ અને દાતાઓના આર્થિક અનુદાન થકી લંગાળા સાર્વજનિક પુસ્તકાલય અને વાંચન રૂમનો શુભારંભ કાર્યક્રમ તારીખ ૯ એપ્રિલથી કરાયો હતો. જેમાં લંગાળા ગામના ઉપસ્થિત નાગરિકોના હસ્તે દીપ પ્રગટાવી તથા લંગાળા પ્રા.શાળાની દીકરીઓના હસ્તે રીબીન કાપી પુસ્તકાલય અને વાંચન રૂમને ખુલ્લો મુકાયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ લાઈબ્રેરીની મુલાકાત લઈ વિવિધ પુસ્તકોનો પરિચય મેળવ્યો હતો અને શિક્ષણ રૂપી આ સદ્કાર્યને સૌ બિરદાવ્યું હતું.

વર્તમાન સમયમાં બાળકો-યુવાનો સૌ કોઈ પર સ્માર્ટફોને સંપૂર્ણ કબજો જમાવી લીધો છે. ત્યારે ખૂબ જ પરિશ્રમ કરી શિક્ષણક્ષેત્રે નવી પેઢીના જીવન ઘડતર તથા સંસ્કાર ઘડતરના આ યજ્ઞ સમાન સાર્વજનિક લાયબ્રેરી લંગાળાનો શુભારંભ પ્રતિકભાઈ ચાડ અને તેમની યુવા મિત્રોની ટીમના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત લંગાળા પ્રાથમિક શાળાના આચાર્યે જણાવ્યું કે, આ સાર્વજનિક પુસ્તકાલય -લંગાળા વિશાળ વટવૃક્ષ બને, નવી પેઢીના ઘડતરમાં યોગદાન પૂરું પાડે અને બાળકો તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનો માટે દીવાદાંડી સમાન બની રહે તેવી આશા છે. આ લાઈબ્રેરીનો ઉપયોગ કરી લંગાળા ગામના યુવાનો વધુમાં વધુ સરકારી નોકરી મેળવશે તથા વિવિધ ધંધા ઉદ્યોગ અને ખેતીનાક્ષેત્રે પ્રગતિ કરી લંગાળા ગામનું સૌ કોઈ ગૌરવ વધારશે.

વર્તમાન સમયમાં મોટા મોટા શહેરોમાં વાલીઓ પોતાના સંતાનોને મહિનાનાની અંદાજીત ૨૦૦૦ રુપિયા સુધીની ફી ભરીને લાયબ્રેરીમાં રીડિંગ માટે મોકલે છે. ત્યારે લંગાળા ગામના આંગણે આ સાર્વજનિક લાયબ્રેરીનો જે શુભારંભ થયો છે, ત્યારે પુસ્તકો વધારેમાં વધારે વંચાય તેની સાર્થકતા સાચી સાબિત થશે અને વાચનની આ એક નાની શરૂઆત, નાની ટેવ બાળકમાં, યુવાનોમાં એક ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે છે.

## અવસાન નોંધ

**વિસા પાલીવાલ બ્રાહ્મણ મરણ**

ઇલાબેન રમેશભાઈ જોષી (ઉ.વ.૬૪) ભાવનગર ૭ને રવિવારના રોજ કૈલાસવાસી થયેલ છે. તે સ્વ. રમેશભાઈ બાબુભાઈ જોષીના પત્ની તેમજ ધર્મેન્દ્રભાઈ રમેશભાઈ જોષી, લાલજીભાઇ રમેશભાઈ જોષી, મનીષાબેન લલીતકુમાર દવેના માતૃશ્રી તેમજ ભાનુબેન છેલશંકર આસ્તિક, સ્વ. કાળુભાઇ બાબુભાઇ જોષીના નાનાભાઈના પત્ની થાય તેમજ મુકેશભાઈ બી. જોષી, હરેશભાઈ બી. જોષીના ભાભી થાય. તેમજ હર્ષદભાઇ જી. જોષી, સ્વ. સંજય કે. જોષી, રાજેશ એ. જોષી, નિમીષાબેન કપીલકુમાર ભાલ, સાગર કે. જોષીના કાકી થાય. તેમજ મીત્તલબેન મહેશકુમાર ભાલ, સ્વ. ચેતન એમ. જોષી, નિલેશ એમ. જોષી, નિધ્ધીબેન ધવલકુમાર આસ્તિક, વિપુલ એચ. જોષી, જાનુબેન રાજકુમાર આસ્તિક, જયદિપ એચ. જોષીના ભાભુ થાય. નવ્યા, દેવમ, વિરાજ, પૂરવ, નિત્યા, હેમાશી, કાવ્યાના મોટા બા થાય. પીયર પક્ષ સ્વ. હરીશંકર પ્રભાશંકર ભાલની દિકરી થાય તેમજ રાજેશ એચ. ભાલ (વાપી), અરવિંદભાઈ એચ. ભાલ (બાડી)ના બહેન થાય તેમની બન્ને પક્ષની સાદડી તા.૧૧ને ગુરુવારે ૪:૩૦થી ૬:૩૦ વિસા પાલીવાલ બોડીંગ સિંન્ધુનગર ટેલીફોન એક્ચેંઝ પાસે ભાવનગર ખાતે રાખેલ છે. તેમજ ઉત્તરક્રિયા ૧૯ને શુક્રવારના રોજ મંગલમ હોલમાં રાખેલ છે.

# વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ પર શેઠ બ્રધર્સના ૧૫૦ કર્મચારીના હસ્તે કરાયેલુ વૃક્ષારોપણ

**અમેરિકા હોઈ કે લંડન, ઓસ્ટ્રેલિયા હોય કે કેનેડા ઈન્ડિયન સ્ટોર્સમાં કાયમચૂર્ણ તો હાજર જ હોય તેવી ખુશી વ્યક્ત કરતા કર્મચારીઓ**




ભાવનગર, તા.૧૧

ગ્રીનસીટી દ્વારા વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ પર અગાઉ ૫૦૦૦ વૃક્ષો વાવી માર્ગને હરીયાળો બનાવવામાં આવ્યો છે. પરંતુ આ માર્ગને સંપૂર્ણપણે વૃક્ષોથી આચ્છાદિત કરવા હજુ વધુ ૫૦૦૦ જેટલા વૃક્ષો નાખવાનો નિર્ણય ગ્રીનસીટી દ્વારા કરવામાં આવ્યો છે. તેના ભાગરૂપે રવિવારે ભાવનગરની શેઠ બ્રધર્સ કંપની દ્વારા તેમના તમામ ૧૫૦ સ્ટાફ પરિવારના હસ્તે ૧૫૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

કોઈપણ કંપની દ્વારા તેના તમામ કર્મચારીઓના હસ્તે વૃક્ષારોપણ કરાવવાનું ગુજરાતમાં પ્રથમ વાર બન્યુ છે. તમામ સ્ટાફ સભ્યોએ ખૂબજ ઉત્સાહ તથા ઉમંગ સાથે વૃક્ષારોપણ કર્યું હતું.

આમાના મોટાભાગના સભ્યોએ તેમની જીંદગીમાં પ્રથમવાર વૃક્ષારોપણ કર્યું હતું. આથી તેઓ આ કાર્યક્રમ અંગે ઘણા જ રોમાંચિત અને ખુશ હતા. આ વૃક્ષારોપણ અંગે શેઠ બ્રધર્સના કર્મચારીઓએ જણાવ્યું હતું કે આજે અમો બે રીતે ખુશ થયા છીએ, એક તો અમારા જેવા નાના માણસોના હસ્તે કંપની વૃક્ષારોપણ કરાવી રહી છે અને અમો સૌ પ્રથમ વખત જ વૃક્ષારોપણ કરી રહ્યા છીએ અને બીજી ખુશી એ કે અમો કાયમચૂર્ણ બનાવતી કંપની શેઠ બ્રધર્સના સ્થાપક તથા કાયમચૂર્ણના સંશોધક એવા વૈદ્ય રસિકભાઈ શેઠના નામના રોડ ઉપર જ વૃક્ષારોપણ કરી રહ્યા છે. અમો સૌ સ્ટાફ સભ્યોને એ વાતનો પણ ગર્વ છે કે અમારા દ્વારા ઉત્પાદન અને પેકીંગ થયેલું કાયમચૂર્ણ અમેરિકા હોય કે લંડન - ઓસ્ટ્રેલિયા હોય કે કેનેડા દરેક ઈન્ડિયન સ્ટોર્સમાં કાયમચૂર્ણ તો હાજર હોય જ. આ અમારા માટે ગર્વ અન ખુશીની વાત છે. ગ્રીનસીટીના સ્થાપક અને શેઠ બ્રધર્સના માલિક એવા દેવેનભાઈ શેઠનું આ કાર્ય સમાજ માટે દાખલારૂપ બની રહેશે.

આ તબક્કે દેવેનભાઈ શેઠે જણાવ્યું હતું કે કોઈપણ કંપનીની સફળતામાં તેમના સ્ટાફ પરિવારનો ૫૦% ફાળો હોય છે. અમારી સફળતા પાછળ આ તમામ કર્મચારીઓનો ખૂબ જ મોટો ફાળો છે. અમારો તમામ સ્ટાફ મહેનતુ, વફાદાર, શિસ્તબધ્ધ અને તેમના કાર્યમાં કુશળ છે. અહીં માલિક અને કર્મચારી વચ્ચેનો સંબંધ એક પરિવાર જેવો છે. દેવેનભાઈ શેઠે તમામ કર્મચારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવા માટે તેઓ સૌનો આભાર વ્યકત કર્યો હતો અને જણાવ્યું હતું કે ભાવનગર શહેરને હરીયાળુ બનાવવા હવે અમારા સ્ટાફ પરિવારનો પણ ફાળો રહેશે. આ વૃક્ષારોપણ પ્રસંગે શેઠ બ્રધર્સના અશોકભાઈ શેઠ, કમલેશભાઈ શેઠ, વેદાંતભાઈ શેઠ, પ્રદિપભાઈ મહેતા તથા ગ્રીનસીટીના અચ્યુતભાઈ મહેતા, પીયુષભાઈ વ્યાસ સહિતના સભ્યો હાજર રહ્યા હતા.

# આમ આદમી પાર્ટી સંકટમાં ! વિરોધ પ્રદર્શનમાં ૧૦માંથી ૭ સાંસદ 'ગૂમ'

**અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ વિરોધ પ્રદર્શન દરમિયાન તેના ૭ સાંસદો વિવિધ કારણોસર ગેરહાજર**

નવીદિલ્હી,


દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ આમ આદમી પાર્ટી મુશ્કેલીમાં ફસાયેલી જોવા મળી રહી છે. દિલ્હી તેમજ દેશના અન્ય ભાગોમાં વિરોધ પ્રદર્શન દરમિયાન તેના ૭ સાંસદો ગુમ જોવા મળ્યા છે. ૧૦માંથી માત્ર ૩ સાંસદો જ પાર્ટી માટે અવાજ ઉઠાવતા જોવા મળે છે. લોકસભામાં છઇઁના એકમાત્ર સાંસદ સુશીલ કુમાર રિંકુ તાજેતરમાં જ ભાજપમાં જોડાયા હતા. તાજેતરમાં જ જામીન પર બહાર આવેલા સંજય સિંહને જયારે આ અંગે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે, 'પાર્ટી આ મુદ્દે ચર્ચા કરશે.'

અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહની ધરપકડ એક જ કેસમાં કરવામાં આવી હતી. જામીન પર છૂટ્યા બાદ સંજય સિંહ છઇઁનો ચહેરો બની રહ્યા છે. તેમના સિવાય, છઇઁ ના રાષ્ટ્રીય મહાસચિવ (સંગઠન) સંદીપ પાઠક અને એનડી ગુપ્તા વિરોધ દરમિયાન સક્રિય રીતે જોવા મળે છે.

પંજાબના રાજયસભા સાંસદ રાઘવ ચઢ્ઢા, જેઓ તેમની પાર્ટી માટે અવાજ ઉઠાવે છે, તેઓ ગયા મહિને આંખના ઓપરેશન માટે લંડન ગયા હતા. તે માર્ચના અંતમાં પરત આવવાના હતા પરંતુ રાઘવ ??ચઢ્ઢા હજુ પણ લંડનમાં છે. પહેલીવાર દિલ્હીથી સાંસદ બનેલી સ્વાતિ માલીવાલ આ દિવસોમાં અમેરિકામાં છે. તેણે પાર્ટીને કહ્યું છે કે તેની બહેન બીમાર છે અને તેની બહેનને તેની જરૂર છે. પૂર્વ ભારતીય ક્રિકેટર હરભજને પંજાબથી રાજયસભા સાંસદ બન્યા બાદ ભાગ્યે જ છઇઁની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો છે. કેજરીવાલની ધરપકડ પર પણ તેઓ મૌન છે. તેમણે તાજેતરમાં તેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર ઘણી પોસ્ટ્સ કરી છે, પરંતુ તે લગભગ બધી આઈપીએલ વિશે છે. પંજાબ સ્થિત લવલી પ્રોફેશનલ યુનિવર્સિટીના સ્થાપક અને છઇઁ સાંસદ મિત્તલ પણ પાર્ટીની પ્રવૃત્તિઓમાં મોટાભાગે ગેરહાજર રહ્યા છે. તેમણે કહ્યું કે હું પાર્ટીના વિરોધ અંગે વાત કરવા માટે અધિકૃત નથી. પાર્ટી હેડક્વાર્ટર અમને જણાવશે કે શું કરવું.

પંજાબના અન્ય એક સાંસદ સંજીવ અરોરાએ કહ્યું કે તેઓ ધરપકડ બાદ ૨૪ માર્ચે કેજરીવાલની પત્ની સુનીતા કેજરીવાલને મળ્યા હતા.

# જૂન સુધીમાં દિલ્હી લિકર પોલિસી કેસમાં ઈડી ચાર્જશીટ દાખલ કરશે



અરવિંદ કેજરીવાલ સહિત ૧૬ લોકોની દારૂ નીતિ કેસમાં ધરપકડ કરવામાં આવી છે. ૨૪૫ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે અને ૭૦૦ લોકોને બોલાવવામાં આવ્યા છે. આ

નવીદિલ્હી,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ મે અથવા જૂનના અંત સુધીમાં દિલ્હી લિકર પોલિસી કૌભાંડ કેસમાં સીએમ અરવિંદ કેજરીવાલ સામે ચાર્જશીટ દાખલ કરશે, આ માહિતી સૂત્રોને ટાંકીને બહાર આવી છે. ઈડી ઈચ્છે છે કે આ કેસની સુનાવણી જલ્દી થાય. ઈડીના સૂત્રોના જણાવ્યા અનુસાર, દિલ્હી લિકર પોલિસી કેસમાં ધરપકડ લગભગ પૂર્ણ થઈ ગઈ છે, હવે ચાર્જશીટ અને ટ્રાયલની તૈયારી કરવામાં આવી રહી છે. તમને જણાવી દઈએ કે અત્યાર સુધી કેસમાં ૬ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. એક મુખ્ય અને બાકીની પૂરક ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ૨૧ માર્ચે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની દારૂ નીતિ કેસમાં ધરપકડ કરી હતી. મંગળવારે હાઈકોર્ટમાંથી પણ તેને રાહત મળી ન હતી, ત્યારબાદ હવે તેણે પોતાની ધરપકડ સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. દિલ્હી હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલની ધરપકડને યોગ્ય ઠેરવી છે. હવે તેણે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે.

# કોંગ્રેસ નેતા શશિ થરૂરની વધી મુસીબત : માનહાનિનો કેસ દાખલ

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ ને ધ્યાનમાં રાખીને નેતાઓ વચ્ચે આરોપ-પ્રત્યારોપનો સિલસિલો ચાલુ છે. પરંતુ આ દરમિયાન કોંગ્રેસ નેતા શશિ થરૂરની મુસીબતો વધુ વધી ગઈ છે. કેરળના તિરુવનંતપુરમથી ભાજપના ઉમેદવાર રાજીવ ચંદ્રશેખરે શશિ થરૂર વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો છે. તેમજ રાજીવે શશિ થરૂરને માફી માંગવા માટે ૨૪ કલાકનો સમય આપ્યો છે.

કોંગ્રેસના નેતા શશિ થરૂર કેરળની રાજધાની તિરુવનંતપુરમથી ચૂંટણી લડી રહ્યા છે અને ભાજપે રાજીવ ચંદ્રશેખરને તેમની ચૂંટણી લડવા માટે ટિકિટ આપી છે. આવી સ્થિતિમાં શશિ થરૂરે રાજીવ પર કેશ ફોર વોટ જેવા ગંભીર આરોપ લગાવ્યા છે. એક ટીવી ચેનલ સાથે વાત કરતા શશિ થરૂરે દાવો કર્યો છે કે રાજીવે વોટ ખરીદવા માટે કેટલાક સમુદાયના ધાર્મિક નેતાઓને પૈસાની ઓફર કરી છે. ભાજપના નેતા રાજીવ ચંદ્રશેખરે શશિ થરૂરના નિવેદન પર આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. રાજીવે શશિ થરૂરને ચેતવણી આપી છે કે જો તે પોતાનું નિવેદન પાછું નહીં ખેંચે અને રાજીવની જાહેરમાં માફી નહીં માંગે તો શશિ થરૂર સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. રાજીવ અનુસાર, શશિ થરૂરનું નિવેદન સંપૂર્ણપણે ખોટું અને પાયાવિહોણું છે.

# સંદેશખાલીમાં મહિલાઓના યૌન ઉત્પીડન મામલે હાઈકોર્ટ દ્વારા CBI તપાસનો આદેશ

કોલકાતા,

પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં મહિલાઓના યૌન ઉત્પીડન મામલે હાઇકોર્ટે સીબીઆઇ તપાસના આદેશ આપ્યા છે. હાઇકોર્ટે આદેશમાં કહ્યું હતું કે રાજ્યએ દરેક પ્રકારની મદદ કરવાની જરૂર છે. ત્યાં લોકો સીબીઆઇને પોતાની ફરિયાદ કરી શકશે. કોર્ટે કહ્યું હતું કે સીબીઆઇએ પોર્ટલ બનાવવાનું રહેશે. બળાત્કાર, ખેતીની જમીનના બદલામાં બધી ફરિયાદોની તપાસ સીબીઆઇ કરશે.

કોર્ટની નિગરાનીમાં તપાસ કરવામાં આવશે. કોર્ટે આદેશમાં કહ્યું હતું કે સંદેશખાલી ક્ષેત્રમાં ૧૫ દિવસની અંદર સીસીટીવી સ્થાપિત કરવાના રહેશે. ૧૫ દિવસની અંદર એલઈડી લાઈટિંગ



લગાવવાનો નિર્દેશ છે. કોર્ટે કહ્યું હતું કે સાક્ષીઓને સુરક્ષિત રાખવાની જરૂર છે. આગામી સુનાવણી બીજી મેએ થશે. એ દિવસ સીબીઆઇ પ્રાઇમરી રિપોર્ટ કરશે. સંદેશખાલીની મહિલાઓએ ટીએમસીના નેતાઓ પર યૌન ઉત્પીડન અને જબરદસ્તી જમીન કબજો કરવાનો આરોપ લગાવ્યો હતો. આ મામલામાં શેખ શાહજહાં, શિબુ હાજરા અને ઉત્તમ સરદાર આરોપી છે. ત્રણની ધરપકડ કરી લીધી હતી. સંદેશખાલીથી જોડાયેલી પાં જનહિત અરજી પર ચીફ જસ્ટિસ TS શિવજ્ઞાનમ અને જસ્ટિસ હિરણમય ભટ્ટાચાર્યની બેન્ચે સુનાવણી કરી હતી. કોર્ટના આદેશ પછી રાજ્ય સરકાર સીબીઆઇ તપાસ અટકાવી નહોતી શકી. રાજ્યથી જોડાયેલા કોઈ પણ મામલે કેન્દ્રીય તપાસ એજન્સી સીબીઆઇએ તપાસ માટે રાજ્ય સરકાર પાસેથી મંજૂરી લેવાની રહેશે. જોકે કોલકાતા હાઈકોર્ટના આદેશ પછી હવે એની જરૂર નહીં પડે. આ પહેલાં હાઈકોર્ટે કહ્યું હતું કે સંદેશખાલીનું એક ટકા સત્ય પણ શરમજનક છે. કોર્ટે કહ્યું હતું કે પૂરું વહીવટી તંત્ર અને સત્તાધારી પાર્ટી એના માટે નૈતિક રીતે ૧૦૦ ટકા જવાબદાર છે.

# હવે જ્યારે ફટાકડા ફોડે છે ત્યારે પણ પાકિસ્તાન સ્પષ્ટતા આપે છે : યોગી

કઠુઆ,

જમ્મુ કઠુઆમાં સીએમ યોગીઃ યુપીના સીએમ યોગી આદિત્યનાથ બુધવારે જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં પહોંચ્યા હતા. તેમણે કઠુઆ શહેરમાં જિલ્લા રમતગમત મેદાનમાં જાહેર સભાને સંબોધી હતી. સીએમ યોગીએ ઉધમપુર સીટ પરથી ભાજપના ઉમેદવાર ડો.જિતેન્દ્ર સિંહની તરફેણમાં પ્રચાર કર્યો. ભાજપે ત્રીજી વખત ડો.જિતેન્દ્ર સિંહ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ દરમિયાન તેમણે મોદી સરકારની ઉપલબ્ધિઓ પણ ગણાવી અને કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા.

સીએમ યોગીએ કહ્યું, 'પહેલાં સનાતની લોકોની આસ્થા સાથે હંમેશા ખેલ કરવામાં આવતો હતો. કોંગ્રેસે આપણી મૂર્તિઓના અસ્તિત્વ પર સવાલ ઉઠાવીને દેશવાસીઓને નિરાશ કર્યા છે. પ્રથમ કાશી વિશ્વનાથ ધામ વિકસાવવામાં આવ્યું છે. અગાઉ અહીં સાંકડી શેરી હતી. હવે રોજના ૫૦,૦૦૦ લોકો આવે તો પણ જગ્યાની અછત નહીં રહે.

તેમણે કહ્યું કે, ઘણા દાયકાઓ સુધી દેશ પર શાસન કરનાર બ્રિટનને પાછળ છોડીને આપણે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયા છીએ. મોટી ઈમારતો, આ બધું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં બન્યું. અન્યથા અગાઉની સરકારોએ આ વિસ્તારોને દાવા વગરના છોડી દીધા હતા.

# હેપેટાઈટિસથી રોજના ૩૫૦૦ના મોત

## ૮૩ ટકા મોત હેપેટાઈટિસ બી ના કારણે જયારે ૧૭ ટકા મોત માટે હેપેટાઈટિસ સી જવાબદાર

નવીદિલ્હી,

વિશ્વ આરોગ્ય સંસ્થાના ગ્લોબલ હેપેટાઈટિસ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર આ સંક્રામક બીમારીથી વર્ષે ૧૩ લાખ અને રોજના ૩૫૦૦ લોકોના મોત થાય છે. ૧૮૭ દેશોના ડેટાનો અભ્યાસ કરતા માલૂમ પડ્યું છે કે વાયરલ હેપેટાઈટિસથી વર્ષ ૨૦૧૯માં ૧૧ લાખ લોકોના મુત્યુ થયા હતા જે ૨૦૨૨માં વધીને ૧૩ લાખ થયા છે. જેમાં ૮૩ ટકા મોત હેપેટાઈટિસ બી ના કારણે જયારે ૧૭ ટકા મોત માટે હેપેટાઈટિસ સી જવાબદાર છે.

હેપેટાઈટિસ B અને Cના સંક્રમણથી અંદાજે સામૂહિક રીતે બાંગ્લાદેશ, ચીન, ઈથિઓપિયા, ભારત, ઈન્ડોનેશિયા, નાઈજીરિયા, પાકિસ્તાન, ફિલીપાઈન્સ, રશિયા અને વિયેતનામમાં નોંધાયા છે. યુએનની હેલ્થ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ૨૦૨૫ સુધીમાં આ ૧૦ દેશોમાં રોગનું સંક્રમણ અટકાવીને ઉપાયો કરવા સર્વાંગિણ પ્રયાસો આવશ્યક છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના મહાનિર્દેશક ટેડ્રોસ અદનોમ ઘેબ્રેયસસે પણ હેપેટાઈટિસના વધતા જતા કેસો અંગે ચિંતા વ્યકત કરી છે.

હેપેટાઈટિસનો અર્થ લીવરમાં આવતો સોજો છે. જયારે લીવરમાં સોજો આવે છે ત્યારે તેની કાર્યક્ષમતા પર અસર થાય છે. શરાબ, વિષાકત ભોજન કેટલીક દવાઓના લીધે હેપટાઈટિસ થઈ શકે છે. જો કે હેપટાઈટિસ મોટે ભાગે વાયરસના કારણે થાય છે. હેપેટાઈટિસથી પીડિત દર્દીની સૌથી મોટી વિટંબણાએ હોય છે તે સંક્રમિત છે એવું ધ્યાનમાં જ આવતું નથી. જેને હેપેટાઈટિસના લક્ષણો દેખાય છે તેમને તાવ, થાક, ઉલટી, પેટમાં દુખાવો, ઘાટા રંગનું યૂરિન થવું, સાંધાનો દુખાવો અની પીળિયા જેવા લક્ષણોનો સમાવેશ થાય છે.

# કેજરીવાલના રાજીનામાની માંગ સાથે ભાજપ રસ્તા પર ઉતરી

## વિરોધ દરમિયાન વીરેન્દ્ર સચદેવા ઘાયલ

નવીદિલ્હી,

દિલ્હી ભાજપના નેતાઓ અને કાર્યકરોએ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ભાજપના કાર્યકરોએ આમ આદમી પાર્ટીના કાર્યાલયની બહાર સૂત્રોચ્ચાર કર્યા હતા. પોલીસે તેમને વિખેરવા વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે આ દરમિયાન બીજેપીના પ્રદેશ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવા ઘાયલ થયા હતા. ભાજપના નેતાઓ અને કાર્યકરોને પોલીસે કસ્ટડીમાં લીધા છે.

અગાઉ મંગળવારે, હાઈકોર્ટે દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમની ધરપકડને પડકારતી અરવિંદ કેજરીવાલની અરજીને ફગાવી દીધી હતી. જે બાદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. આપ નેતા અને દિલ્હી સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજે અરવિંદ કેજરીવાલની ધરપકડને પડકારતી અરજીને હાઈકોર્ટ દ્વારા નકારી કાઢવા પર કહ્યું, 'અમે સુપ્રીમ કોર્ટમાં ગયા છીએ. અમને આશા છે કે સુપ્રીમ કોર્ટમાંથી અમને ચોક્કસ ન્યાય મળશે.

# તીવ્ર ગરમી સાથે દેશના ૧૦ રાજ્યોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચ્યું

નવીદિલ્હી,

દેશના મોટાભાગના વિસ્તારોમાં તીવ્ર ગરમી પડી રહી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહારાષ્ટ્રના જ્યુરેરમાં સૌથી વધુ મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી નોંધાયું હતું. જયારે યુપીના પ્રયાગરાજમાં મહત્તમ તાપમાન ૪૦.૬ ડિગ્રી, ગુજરાતના રાજકોટમાં ૪૨.૧, રાજસ્થાનના ફલોદીમાં ૪૧.૪, મધ્યપ્રદેશના રતલામમાં ૪૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજસ્થાન, ગુજરાત, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્ય મહારાષ્ટ્ર, રાયલસીમા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, માહે અને કેરળના ઘણા ભાગોમાં મહત્તમ તાપમાન ૪૦-૪૨ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે છે. આગામી ૨૪ કલાક દરમિયાન અહીંનું વાતાવરણ યથાવત્ રહેશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કર્ણાટક, તમિલનાડુ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં અલગ-અલગ સ્થળોએ ૧૧ એપ્રિલ સુધી ગરમીનું પ્રમાણ યથાવત રહેશે. તે જ સમયે, બિહારમાં પણ ગરમીની અસર જોવા મળી રહી છે. આ સિવાય દિલ્હી સહિત દેશના અન્ય ભાગોમાં ગરમીની અસર જોવા મળી શકે છે પરંતુ ગરમીનું મોજું નહીં હોય. દેશના અનેક રાજ્યોમાં સૂર્યનો તાપ જોવા મળી રહ્યો છે ત્યારે કેટલીક જગ્યાએ વરસાદની પણ શક્યતા છે.

# મહારાષ્ટ્રમાં બિલાડીને બચાવવા જતા પાંચ લોકોના મોત નિપજયાં

મુંબઈ,

મહારાષ્ટ્રમાં એક બિલાડીને બચાવવા જતા પાંચ લોકોના મોત થયા છે. આ ઘટના અહેમદ નગર જિલ્લાની છે. જિલ્લાના નેવાસા તાલુકામાં એક બિલાડી બાયોગેસના ખાડામાં પડી ગઈ હતી. ગ્રામજનોના જણાવ્યા મુજબ તેને બચાવવા ગયેલી વ્યક્તિ ઉપર ન આવતા અન્ય લોકો તેને બચાવવા નીચે ઉતર્યા હતા અને આ રીતે ૬ લોકો બાયોગેસના ઉંડા ખાડામાં ફસાઈ ગયા હતા. મોટી મુશ્કેલીથી એકને જીવતો બચાવી શકાયો જયારે બાકીના ૫ના મોત થયા.

કહેવામાં આવી રહ્યું છે કે ગાયના છાણથી ભરેલા બાયોગેસના ખાડામાં ફસાઈ જવાથી બધાના મોત થયા છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ, આ દુર્ઘટના ગઈકાલે થઈ હતી અને મોડી સાંજ સુધી લોકોને બહાર કાઢવાના પ્રયાસો ચાલુ હતા. એક અધિકારીએ જણાવ્યું કે આ ઘટના નેવાસા તહસીલના વાકડી ગામમાં સાંજે બની હતી. તેમણે કહ્યું કે, એક બિલાડી ખાડામાં પડી અને એક વ્યક્તિ તેને બચાવવા માટે એક વ્યક્તિ અંદર ઉતર્યો પરંતુ અંદર કાદવમાં ફસાઈ ગયો.

# કોર્ટે સ્વામી રામદેવની બિનશરતી માફીનું એફિડેવિટ સ્વીકારવાનો પણ કર્યો ઇનકાર

નવીદિલ્હી,

પતંજલિ કેસમાં હાલ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ રહી છે. આ દરમિયાન બાબા રામદેવ અને બાલકૃષ્ણ કોર્ટમાં હાજર થયા હતા. જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની બેંચ આ સુનાવણી કરી રહી છે. આ પહેલા ૨ એપ્રિલે થયેલી સુનાવણીમાં પતંજલિ વતી માફી પત્ર રજૂ કરવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ (એસજીએ કહ્યું કે, અમે આ મામલે સૂચન કર્યું છે કે બિનશરતી માફી માંગવી જોઈએ. કોર્ટે સ્વામી રામદેવની બિનશરતી માફીનું એફિડેવિટ સ્વીકારવાનો પણ ઈનકાર કર્યો હતો. જસ્ટિસ અમાનુલ્લાએ કહ્યું કે, આ લોકોએ ત્રણ વખત અમારા આદેશોની



અવગણના કરી છે. આ લોકોએ ભૂલ કરી છે અને તેનું પરિણામ ભોગવવું પડશે.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અમાનુલ્લાએ કહ્યું, તમે એફિડેવિટમાં છેતરપિંડી કરી રહ્યા છો, કોણે તૈયાર કર્યું? હું આશ્ચર્ય ચકિત છું. જસ્ટિસ કોહલીએ કહ્યું કે, તમારે આવું સોગંદનામું ન આપવું જોઈતું હતું. તેના પર વકીલ મુકુલ રોહતગીએ કહ્યું કે, અમારાથી ભૂલ થઈ છે. તેના પર સુપ્રીમ કોર્ટે કહ્યું- ભૂલ! બહુ ટૂંકો શબ્દ. કોઈપણ રીતે અમે આ અંગે નિર્ણય લઈશું. કોર્ટે કહ્યું કે, અમે આને જાણી જોઈને કોર્ટના આદેશનો અનાદર ગણી રહ્યા છીએ.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમારા આદેશ પછી પણ? અમે આ મામલે આટલા ઉદાર બનવા માંગતા નથી. અમે એફિડેવિટને ફગાવી રહ્યા છીએ, તે માત્ર કાગળનો ટુકડો છે. અમે આંધળા નથી! આપણે બધું જોઈ શકીએ છીએ. આના પર મુકુલ રોહતગીએ કહ્યું કે, લોકો ભૂલો કરે છે, તો સુપ્રીમ કોર્ટે કહ્યું પછી જેઓ ભૂલ કરે છે તેમને પણ ભોગવવું પડે છે.

# મોદીને કેન્દ્રમાં રાખીને થીમ સોન્ગ રીલીઝ

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી ખૂબ જ નજીકમાં છે, ત્યારે ભાજપે તેનું થીમ સોન્ગ રીલીઝ કર્યુ છે. ભાજપે રીલીઝ કરેલા આ ગીતમાં સમગ્ર રાષ્ટ્રની લાગણી પ્રતિબિંબિત થતી જોવા મળી રહી છે. આ ગીતમાં દેશના દરેક ખૂણેથી, વિવિધ પૃષ્ઠભૂમિના લોકો, દરેક ભાષામાં બોલતા એકસાથે એક વાત કરતા જોવા મળી રહ્યા છે અને કહી રહ્યા છે કે અમારા સપના ઉડાન ભરી ગયા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કેન્દ્રમાં રાખીને ભાજપે રીલીઝ કરેલા આ ગીતને ૧૨ અલગ-અલગ ભાષાઓમાં ગાવામાં આવ્યું છે અને રાષ્ટ્રની એકતાને દર્શાવવામાં આવી છે. વિવિધતામાં કેવી રીતે ભારતમાં એકતા છે તે જોવા મળી રહ્યુ છે. આ ગીતમાં અંતે હજારો લોકો વડાપ્રધાન મોદીની એકીકૃત શક્તિનું પ્રતિનિધિત્વ કરતું એક વિશાળ કોલાજ બનાવવા માટે ભેગા થતા જોવા મળે છે. પાર્ટી દ્વારા જાહેર કરાયેલા આ ગીતના વીડિયોમાં એ વાતને રેખાંકિત કરવામાં આવી છે કે કેવી રીતે વડાપ્રધાન મોદીએ તેમના વચનો અને લોકોના સપના પૂરા કર્યા છે. આ પહેલા જાન્યુઆરી મહિનામાં લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપે ચૂંટણી પ્રચાર માટે એક થીમ સોંગ રિલીઝ કર્યું હતું.

# રાજશાહી પાછી લાવવા અને હિન્દુ રાષ્ટ્ર બનાવવા નેપાળમાં હજારો લોકો રસ્તા પર

કાઠમાંડૂ,

નેપાળમાં ૨૦૦૮માં પૂર્વ રાજા જ્ઞાનેન્દ્રને સત્તા પરથી હટાવતાની સાથે જ રાજાશાહીનો અંત આવ્યો હતો. જોકે રાજાશાહીનુ સમર્થન કરનાર મોટો વર્ગ નેપાળમાં આજે પણ છે. નેપાળના લોકોએ રાજાશાહી લાગુ કરવાની અને દેશને હિન્દુ રાષ્ટ્રનો દરજ્જો પાછા આપવાની માંગ સાથે એક રેલી કાઢી હતી અને પીએમ ઓફિસ સુધી જવાનો પ્રયત્ન કર્યો હતો. લોકોને રોકવા માટે પોલીસે રસ્તા પર લગાવેલા બેરિકેડ પણ તોડવાના પ્રયત્નો થયા હતા.

પોલીસે દેખાવકારો પર લાઠીચાર્જ કર્યો હતો અને વોટર કેનનનો પ્રયોગ પણ કર્યો હતો. જોકે કોઈ પ્રદર્શનકારીને ગંભીર ઈજા નથી પહોંચી પણ દેશમાં રાજાશાહી અને હિન્દુ રાષ્ટ્ર માટે લોકોનો વધી રહેલો ઝુકાવ જોઈને નેપાળની સરકાર ચોંકી ઉઠી છે. આ રેલી કાઢવાનુ



એલાન રાજા જ્ઞાનેન્દ્રની સમર્થક મનાતી રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી અથવા નેશનલ ડેમોક્રેટિક પાર્ટી તરીકે ઓળખાતા પક્ષ દ્વારા કરવામાં આવ્યુ હતુ. દેખાવકારોએ રાજાશાહી વાપસ લાઓ...લોકશાહી ખતમ કરો...ના નારા લગાવ્યા હતા. લોકોએ કહ્યુ હતુ કે, અમે અમારા રાજાને અમારા જીવ કરતા પણ વધારે પ્રેમ કરીએ છે.

# વંશવાદી પક્ષ કોંગ્રેસ અને ડીએમકે ક્યારેય તમિલનાડુની આકાંક્ષાઓને પૂર્ણ કરી શકશે નહીં : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

**એનડીએના સકારાત્મક કાર્યોને કારણે લોકો તેને પસંદ કરે છે**

વેલ્લોર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભા ચૂંટણીના પ્રચાર માટે આજે દક્ષિણ રાજ્ય તમિલનાડુ પહોંચ્યા છે. પીએમ મોદી તમિલનાડુના વેલ્લોરમાં ચૂંટણી રેલીને સંબોધિત કરી રહ્યા છે. આ દરમિયાન તેમણે કહ્યું કે બ્રિટિશ શાસન દરમિયાન જે ક્રાંતિ થઈ હતી તેના જેવી બીજી ક્રાંતિ વેલ્લોરમાં જોવા મળશે. એનડીએએ છેલ્લા ૧૦ વર્ષમાં સારું કામ કર્યું છે અને વિકસિત ભારતનો પાયો નાખ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૪ પહેલા ભારતની અર્થવ્યવસ્થા નબળી હતી. તે દરમિયાન કોઈ મોટો નિર્ણય લેવામાં આવ્યો ન હતો. તે દરમિયાન ભારતને કૌભાંડીઓના દેશ તરીકે જોવામાં આવતું હતું. પીએમ મોદીએ કહ્યું કે આજે તમિલનાડુમાં એનડીએને ભારે જનસમર્થન મળી રહ્યું છે.

વેલ્લોરના લોકો સુધી પહોંચીને



પીએમ મોદીએ રાજ્યની ડીએમકે સરકાર પર પણ જોરદાર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે વંશવાદી પક્ષો કોંગ્રેસ અને ડીએમકે ક્યારેય તમિલનાડુની આકાંક્ષાઓને પૂર્ણ કરી શકે નહીં. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે દેશની સંસદમાં સેંગોલ સ્થાપિત કરવામાં આવ્યું ત્યારે ડીએમકેએ તેનો વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે ડીએમકેના શાસનમાં તમિલનાડુમાં વિકાસની અપેક્ષા રાખી શકાય નહીં. રાજ્યમાં આજે લૂંટનો ખુલ્લો ખેલ ચાલી રહ્યો છે. ડીએમકેની નીતિ 'ભાગલા પાડો અને રાજ કરો' છે. આ પાર્ટી ભાષા, પ્રદેશ, જાતિ અને ધર્મના નામે ભાગલા પાડીને રાજ કરવાનું કામ કરી રહી છે. પીએમ મોદીએ કહ્યું કે ડીએમકે ઈચ્છે છે કે અમે લડતા રહીએ. પીએમએ કહ્યું કે ડીએમકેની રાજનીતિ ખૂબ જ ખતરનાક છે, હું તેનો પર્દાફાશ કરતો રહીશ. તેમણે કહ્યું કે એનડીએના સકારાત્મક કાર્યોને કારણે લોકો તેને પસંદ કરે છે. વેલ્લોરની ધરતી આજે ઈતિહાસ બની રહી છે. પીએમ મોદીએ કહ્યું કે સરકારે કાશ્મીર અને સૌરાષ્ટ્ર તમિલ સંગમનું આયોજન કર્યું હતું. તેમણે વેલ્લોરના લોકો સમક્ષ સંયુક્ત રાષ્ટ્રને તમિલ ભાષામાં સંબોધિત કરવાની ઈચ્છા વ્યક્ત કરી. કોંગ્રેસ પર પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસના શાસનમાં કચથીવુ શ્રીલંકાને સોંપવામાં આવ્યું હતું.

CONTACT FOR BOOKING:
LEELA WORLD WIDE
Global Travel Solutions
TAMMUDU, LET'S FLY TO BENGALURU! DIRECT TO YOUR PLANS
BOOK DIRECT FLIGHTS VISAKHAPATNAM – BENGALURU
105/106, SHOPPER'S POINT, NEAR CUSTOM HOUSE, PARIMAL CHOWK, WAGHAWADI ROAD, BHAVNAGAR 364002 (GUJARAT) INDIA
TEL. +91 278 256 9292 / 256 9299 / 222 1223
MOB.+91 98 7900 6900
Email: global@travelsolution.biz

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ 8
તા.૧૧-૦૪-૨૦૨૪, ગુરૂવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

EFCEE SAROVAR PREMIERE Bhavnagar
A SAROVAR HOTEL
Iscon Mega City, Opp. Victoria Park, Bhavagar - 364002
Reservations : +91 7575005171
esp@sarovarhotels.com



# ભાવનગર લોકસભા બેઠક પર ભાજપ અને ગઠબંધન બન્ને મુખ્ય હરીફ પક્ષના ઉમેદવાર ૧૬મીએ નોંધાવશે ઉમેદવારી

## હાલ શુષ્ક દેખાતા ચૂંટણી પ્રચારના માહોલમાં સત્તાવાર ઉમેદવારી બાદ જોવા મળશે ગરમાવો : ભાજપમાંથી કેન્દ્રીય મંત્રી ડો.માંડવિયા અને આપમાંથી ભગવત માન ભાવનગર આવે તેવી સંભાવના





ભાવનગર, તા.૧૧

લોકસભા બેઠકમાં આવતીકાલ ૧૨મી એપ્રિલથી ઉમેદવારી પત્ર નોંધણીનો પ્રારંભ થશે. આ માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ થશે. ત્યારે ભાવનગર બેઠક પર મુખ્ય બે હરીફ પક્ષ ભાજપ અને ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવાર આગામી ૧૬મીએ પોતાની ઉમેદવારી નોંધાવે તેવી સંભાવના છે. હાલ પ્રાથમિક કાર્યક્રમ અનુસાર ૧૬મી એપ્રિલ નક્કી થઈ છે. નામાંકન પત્ર ભરાવા સાથે ભાવનગરમાં હાલ શુષ્ક દેખાતો ચૂંટણી પ્રચારના માહોલમાં ગરમાવો જોવા મળશે અને રેલીઓ, સભાઓ ગાજશે.

ભાવનગર લોકસભા બેઠક પર ભાજપે પૂર્વ મેયર નિમુબેન બાંભણીયા પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. જ્યારે આપ અને કોંગ્રેસે સાથે મળી બોટાદના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ઉમેશ મકવાણાને ઉમેદવાર બનાવ્યા છે. આ બન્ને ઉમેદવારો બહુમત કોળી સમાજમાંથી આવે છે. આમ, રાજકીય રીતે અને જ્ઞાતિવાદના સમિકરણમાં પણ બન્ને ઉમેદવારો બળુકા હોવાનું મનાય છે આથી ભાવનગર લોકસભા બેઠક પર ચૂંટણી જંગ જામશે તે નિશ્ચિત છે. ૧૬મીએ ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણીયા પોતાની ઉમેદવારી નોંધાવશે. આ સમયે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા સહિતના મોવડીઓની ઉપસ્થિતિ રહેશે તો ગઠબંધનના ઉમેદવાર ઉમેશ મકવાણાની ઉમેદવારી વખતે પંજાબના આપ સરકારના મુખ્યમંત્રી ભગવંત માન ભાવનગર આવે તેવી એક સંભાવના છે. હાલાકી બન્ને ઉમેદવારોનો સત્તાવાર કાર્યક્રમ આગામી એક-બે દિવસમાં જાહેર થવાની સંભાવના છે.

## ચૂંટણી તંત્ર થયું સજ્જ કાલથી ૧૯મી સુધી ઉમેદવારી પત્ર ભરાશે, ૨૦મીએ ચકાસણી

ગુજરાતમાં કુલ ૨૬ લોકસભાની સીટ છે અને તમામ સીટ પર આગામી તા.૭મેના રોજ એક જ દિવસે મતદાન થશે. ગત તા.૧૬ માર્ચે ચુંટણી જાહેર થતા આસારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. આવતીકાલ તા.૧૨ એપ્રિલે જાહેરનામુ બહાર પડશે અને ઉમેદવારી ફોર્મ ભરવાનો પ્રારંભ થશે. સવારે ૧૧ થી બપોરના ૩ કલાક દરમિયાન ભાવનગરની જિલ્લા કલેકટર કચેરી ખાતે ઉમેદવારી પત્ર ભરી શકાશે. ઉમેદવારી પત્રો આગામી તા.૧૯ એપ્રિલે સુધી ભરી શકાશે. આગામી તા.૨૦ એપ્રિલે ઉમેદવારી પત્રોની ચકાચણી થશે અને આગામી તા.૨૨ એપ્રિલ સુધીમાં ઉમેદવારી પત્ર પરત ખેંચી શકાશે. આગામી તા.૭ મેના રોજ મતદાન થશે અને આગામી તા.૪ જુને મત ગણતરી થશે. ઉમેદવારી પત્રો ભરવાનો પ્રારંભ થતો હોવાથી ચુંટણી તંત્રએ જરૂરી તૈયારીઓ હાથ ધરી છે.

# તણસા પાસે હોટલમાં બબાલ : મેનેજર, વેઈટર અને વોચમેનને માર મરાયો, હોટલ બંધ કરી દેવા ધમકી

## ટેબલ સાફ કરવા બાબતે વેઈટરને માર મારી ઓદરકા ગામના ચાર શખ્સે વોચમેનને છરી વડે ઈજા કરી : ઘોઘા પોલીસમાં નોંધાવાઈ ફરિયાદ

ભાવનગર તા.૧૧

ઘોઘા તાલુકાના તણસા ગામ નજીક આવેલ નંદની હોટલમાં ટેબલ સાફ કરવા જેવી સામાન્ય બાબતે ઓદરકા ગામના ચાર શખ્સોએ હોટલના મેનેજર, વેઈટર અને વોચમેનને માર મારી તમારી હોટલ બંધ કરી દેજો નહિતર જીવતા નહિ રહેવા દઈએ તેવી ધમકી આપતા હોટલના વોચમેને ઓદરકા ગામના ચાર શખ્સ વિરુદ્ધ ઘોઘા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ઘોઘા તાલુકાના ઓદરકા ગામમાં રહેતો છત્રપાલસિંહ શંભુભા ગઈકાલે રાત્રિના સમયે તણસા ગામ નજીક આવેલ નંદની હોટલ ખાતે જમવા માટે ગયો હતો ત્યારે ત્યાં હોટલના વેઈટર નવીનભાઈ લક્ષીભાઈ ભગોરા જમતા હોય તેમને ટેબલ સાફ કરવાનું કહેતા નવીનભાઈએ કહ્યું કે હમણાં બીજા વેઈટર આવીને ટેબલ સાફ કરશે, આ વાતથી છત્રપાલસિંહ ઉશ્કેરાઈ ગયો હતો અને તેને ગાળો આપી હતી અને જમીને જતા જતા તારે જેમ રહેવું હોય તેમ રહેજે તમે મારી નાખવાનો છે તેવી ધમકી આપી હતી.

આ બનાવ બાદ થોડીવાર પછી છત્રપાલ સિંહ અને તેની સાથે બ્રિજરાજસિંહ સુખદેવ સિંહ ( રહે. ઓદરકા ) હોટલ આવ્યા હતા અને હોટલના મેનેજર પંકજભાઈ ને ગાળો આપી નવીન ને બોલાવો તેને મારવો છે તેમ કહીને હોટલના રસોડામાં ગયા હતા અને ત્યાં હાજર નવીનને માર માર્યો હતો, દરમિયાન હોટલમાં વોચમેન સહદેવસિંહ બચુભા સરવૈયાએ આ બંને ઈસમોને બહાર લઈ જઈને સમજાવટ કરતા બ્રિજરાજે કમરમાંથી છરી કાઢી સહદેવસિંહને મારવા જતા હાથની ટચલી આંગળીએ ઈજા થઈ હતી. દરમિયાન છત્રપાલસિંહે ફોન કરતા કાનભા શંભુભા અને ગણપતસિંહ શંભુભા પણ આવી ગયા હતા અને ગાળો આપી તમારી હોટલ બંધ કરી દેજો નહિતર જીવતા નહી રહેવા દઈએ તેવી ધમકી આપી હતી. આ બનાવ અંગે નંદની હોટલના વોચમેન સહદેવસિંહ બચુભા સરવૈયા ( રહે. કાળીયાબીડ, ભાવનગર મૂળ ગામ હાથસણી,તા. પાલીતાણા ) એ ઓદરકા ગામના છત્રપાલસિંહ શંભુભા, બ્રિજરાજસિંહ સુખદેવસિંહ, કાનભા શંભુભા અને ગણપતસિંહ શંભુભા વિરુદ્ધ ઘોઘા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ઘર પાસે મંદિર બનાવવા મામલે પિતા-પુત્ર ઉપર લોખંડના પાઈપ વડે સાત શખ્સએ કર્યો હુમલો

ભાવનગર તા.૧૧

ભાવનગરના કુંભારવાડા ખાર વિસ્તારમાં આવેલ બજરંગનગરમાં ઘર પાસે મંદિર બનાવવા મામલે પિતા-પુત્રો ઉપર સાત શખ્સોએ લોખંડના પાઈપ અને લાકડી વડે હુમલો કરતા ત્રણ વ્યક્તિને ઈજા થઈ હતી. આ બનાવ અંગે બોરતળાવ પોલીસે સાત ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના કુંભારવાડા ખાર વિસ્તારમાં આવેલ બજરંગ નગર, શેરી નં.૦૨ માં રહેતા રાજેન્દ્રભાઈ ચૌહાણ તેમના ઘર સામે ખુલ્લી જગ્યામાં મંદિર બનાવતા હોય તે બાબત તેમની ઘર સામે રહેતા ઉમિયાશંકર યાદવ અને તેના પરિવારને પસંદ ન હોય ગઈકાલે રાત્રે રાજેન્દ્રભાઈનો દીકરો શિવરાજભાઈ તેમની દુકાને હાજર હતો ત્યારે ઉમિયાશંકર યાદવ અને તેના મોટા દીકરાએ આવીને 'તમે કેમ અમારા ઘરની બાજુમાં મંદિર બનાવો છો ?' તેમ કહી ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો.

આ બનાવ બાદ થોડીવાર પછી ઉમિયાશંકર યાદવ, તેમનો મોટો દીકરો, ભત્રીજો તેમજ કપિલ ભુપતભાઈ, રાકેશ કુંભાર, પરેશ પરમાર અને પરેશ મકવાણાએ આવીને મંદિર બનાવવા માટે ચણેલી દિવાલ પાડી નાખજો તેમ કહી લોખંડના પાઈપ અને લાકડી વડે માર મારતા રાજેન્દ્રભાઈ અને તેમના દીકરા શિવરાજ અને દેવરાજને ઈજા થતાં ત્રણેયને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર માટે સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે શિવરાજભાઈ રાજેન્દ્રભાઈ ચૌહાણ એ ઉમિયા શંકર યાદવ, તેનો દિકરો તેમજ ભત્રીજો, કપિલ ભુપતભાઈ, રાકેશ કુંભાર, પરેશ પરમાર અને પરેશ મકવાણા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા બોરતળાવ પોલીસે તમામ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કુંભારવાડાની ઘટનામાં ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા, હુમલાખોર પિતા-પુત્ર, ભત્રીજા સહિતના સામે ગુનો દાખલ

# ચાઈનાનગરમાં યુવકને તેના ભાઈએ ધોકો ફટકારી કુહાડી લઈ મારવા દોડ્યો

## વચ્ચે પડેલ માતા અને ભત્રીજીને પણ ધક્કો મારી પછાડી દેતા ફરિયાદ

ભાવનગર તા.૧૧

ભાવનગરના ઘોઘારોડ, શીતળા માતાજીના મંદિર પાસે આવેલ મફતનગર વિસ્તારમાં રહેતા યુવક ઉપર તેના ભાઈએ હુમલો કરી કુહાડી લઈને મારવા દોડી તેમજ માતા તથા ભત્રીજીને પણ ધક્કો મારી પછાડી દેતા યુવકે તેના ભાઈ વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના ઘોઘારોડ, શીતળા માતાના મંદિર પાસે આવેલ મફતનગર, ચાઈનાનગર, શેરી નં.૦૩ માં રહેતા સતિષભાઈ લવજીભાઈ ડાભીની દીકરીના એડમિશન માટે સતિષભાઈના માતાએ બેંકમાંથી પૈસા ઉપાડવાનું કહેતા સતિષભાઈએ પૈસા ઉપાડવાની ના કહી હતી તે દરમિયાન સતિષભાઈનો ભાઈ જયેશ આવી જતા તેણે સતિષભાઈ અને તેના માતાને ગાળો આપી તમે લોકો અહીંથી બીજે જતા રહો તેવું કહી સતિષભાઈ સાથે ઝઘડો અને ઝપાઝપી કરી લાકડાના ધોકાનો એક ઘા ઝીકી બ્લોક સાથે માથું ભટકાડી ઢસડયા હતા. દરમિયાન સતિષભાઈના માતા નીતાબેન અને દીકરી કિંનલ વચ્ચે પડતા જયેશે તેમને પણ ધક્કો મારી પછાડી દીધા હતા અને કુહાડી લઈને સતિષભાઈને મારવા દોડયો હતો.

આ બનાવ અંગે સતિષભાઈએ તેના ભાઈ જયેશ લવજીભાઈ ડાભી વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બગદાણામાં રહેણાંકના મકાનમાં દરોડો દારૂની ૩૪૮ બોટલ સાથે એક ઝડપાયો

ભાવનગર તા.૧૧

મહુવા તાલુકાના બગદાણા ગામમાં આવેલ રહેણાકી મકાનમાં બગદાણા પોલીસે દરોડો પાડીને ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની મોટી ૩૪૮ બોટલ સાથે એક ઈસમને ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ બગદાણાના કળમોદર રોડ પર આવેલ જુના સરકારી દવાખાના પાસે રહેતો રામજી રૈયાભાઈ ગોહિલ અને પ્રવીણ પોપટભાઈ બાંભણિયા રામજીભાઈના મકાનમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો રાખી તેની હેરફેર કરતા હોવાની મળેલી બાતમીના આધારે બગદાણા પોલીસે રામજી રૈયાભાઈ ગોહિલના મકાનમાં દરોડો પાડી મકાનના ફળિયામાં આવેલ ઓરડીની અંદર કબાટમાં રાખેલ ઈંગ્લિશ દારૂની મોટી સાઈઝની ૧૦૮ અને ૨૪૦ નંગ ચપટા મળી નાની મોટી કુલ ૩૪૮ બોટલ, કિંમત રૂ.૫૬,૪૦૦૦૦/- કબજે કરી હતી.

બગદાણા પોલીસે દારૂના જથ્થા સાથે રામજી રૈયાભાઈ ગોહિલની ધરપકડ કરી દરોડા દરમિયાન હાજર નહીં મળી આવેલ પ્રવીણ પોપટભાઈ બાંભણિયા વિરુદ્ધ પણ પ્રોહીબિશનની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# અધેલાઈ ચેકપોસ્ટ પાસે કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા પાંચ ઝડપાયા

## વેળાવદર પોલીસે વિદેશી દારૂ, કાર અને મોબાઈલ ફોન કબજે કર્યા

ભાવનગર તા.૧૧

વેળાવદર ભાલ તાબેની અધેલાઈ ચેક પોસ્ટ પાસેથી કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા પાંચ ઈસમોને વેળાવદર ભાલ પોલીસે ઝડપી લઈ રૂા.૪ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

વેળાવદર ભાલ પોલીસ સ્ટાફ ગત મોડી રાત્રિના સમયે પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન અધેલાઈ ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગ દરમિયાન આ સ્થળેથી પસાર થઈ રહેલી સ્વીફ્ટ ડિઝાયર કાર નં.જી.જે.૦૪- ડી.એ-૩૧૭૧ ને અટકાવી તપાસ કરતા કારની ડીકીની અંદર વિદેશી દારૂની ૧૧ બોટલ, કિં. રૂ.૩૯,૧૪૨/- મળી આવી હતી.

વેળાવદર ભાલ પોલીસે ઈંગ્લિશ દારૂનો જથ્થો, મોબાઈલ ફોન નંગ-૦૬, તેમજ મારુતિ સુઝુકી સ્વીફ્ટ ડિઝાયર કાર મળી કુલ રૂ.૪,૦૨,૧૪૨/- ના મુદ્દામાલ સાથે ઉત્તમસિંહ મનુભાઈ મકવાણા, બીપીન પોપટભાઈ ડાભી ( રહે. બંને ભાવનગર ) હિંમત બાલાભાઈ નાવડીયા ( રહે. રાણપરડા ખારા,તા. પાલીતાણા ) વિનય વિઠ્ઠલભાઈ કટારીયા ( રહે. તળાજા ) અને મનીષ મોહનભાઈ ડાભી )( રહે. લીલીવાવ તા. તળાજા ) ની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# શહેર જિલ્લામાં ઈદ-ઉલ-ફીત્રની ઉજવણી





તસવીર : મૌલીક સોની

ભાવનગર તા.૧૧

મુસ્લીમ બિરાદરોની પવિત્ર ઈદ-ઉલ-ફીત્રની ભાવનગર શહેર જીલ્લામાં ઉજવણી કરવામાં આવી હતી. ઈદના દિવસે મુસ્લીમ બિરાદરોએ સવારે ઈદની ખાસ નમાઝ અદા કરી હતી, ભાવનગર શહેર જીલ્લાની તમામ મસ્જીદો તથા ઈદગાહમાં ઈદની નમાઝ અદા કરવામાં આવી હતી. ઈદની નમાઝ બાદ સુખ, શાંતિ, સમૃધ્ધિ અને કોમીએક્તા અને ભાઈચારા માટે સામુહીક દુવાઓ કરવામાં આવી હતી. એકબીજાને ઈદની મુબારકબાદી-શુભેચ્છાઓ પાઠવી હતી.

મુસ્લિમોએ કબ્રસ્તાનમાં જઈ મર્હુમોની કબર ઉપર ફુલ ચઢાવી ફાતિહા પઢી મર્હુમના હક્કમાં દુવાઓ કરવામાં આવી હતી. એકબીજા પરિવારો અને મીત્રો સેવિયા અને દુધની બનાવેલી વાનગી ખીરખુરમો પુરી અને મીષ્ઠાનોની પણ આપ-લે કરી હતી. ઈદના તહેવાર દરમ્યાન ભાવનગર શહેર જીલ્લાની તમામ મસ્જીદો અને મુસ્લીમ વિસ્તારોમાં પોલીસ પેટ્રોલીગ અને બંદોબસ્ત પણ ગોઠવાયો હતો. તેમજ ઈદ અને વાસીઈદ સહિતના તહેવારો દરમ્યાન ઘણાજ મુસ્લીમ પરિવારો સહપરિવાર ઘોઘા, કુડા, બોરતળાવ સહિતના ફરવા લાયક સ્થળોએ પણ લોક સમુદાય ઉમટી પડયો હતો.

## તાપીબાઈ વિકાસ ગૃહમાં ઈદ નિમિત્તે ખીર ખુરમા-પુરીનું વિતરણ કરાયું

શહેરના વિદ્યાનગર વિસ્તારમાં આવેલ તાપીબાઈ રણછોડદાસ ગાંધી વિકાસ ટ્રસ્ટ ગૃહ માટે શહેરની સુન્ની દાવતે ઈસ્લામી શાખા ભાવનગર દ્વારા ઈદ નિમિત્તો ખીરખુરમો અને પુરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શબ્બીરભાઈ ખલાણી, કાળુભાઈ બેલીમ, ઈશાકભાઈ બેલીમ, સોહિલભાઈ સીદી, મુનાફભાઈ મીઠાણી, મહમદ અસ્ફાક બેલીમ સહિત ઉપસ્થિત રહયા હતા.

## જિલ્લા જેલમાં મુસ્લિમ કેદીઓએ ઈદની નમાજ કરી

ભાવનગર જીલ્લા જેલનાં તામ મુસ્લિમ કેદી ભાઈઓએ સામુહિક રીતે જમાઅત સાથે ઈદની નમાઝ અદા કરી હતી. આ પ્રસંગે ભાવનગરની સુન્ની દાવતે ઈસ્લામીના મુબ્લીક અખ્તરહુસૈન એન્જીનીયરે કેદી ભાઈઓને રમજાન ઈદનું મહત્વ સમજાવી ઈદની નમાઝ પઢાવી હતી. આ પ્રસંગે ભાવનગર જિલ્લા જેલ સુપ્રિન્ટેન્ડેન્ટ જે. આર. તરાલ, મુસ્લિમ સમાજના આગેવાન શબ્બીરભાઈ ખલાણી, કાળુભાઈ બેલીમ, સોહિલભાઈ સીદી ખાસ ઉપસ્થિત રહયા હતા. જેલમાં રહેલા તમામ ૫૦૦ જેટલા કેદી ભાઈઓને ખીરખુરમા અને પુરીનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.